RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 90* Date: 26.01.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### પંજાબ-હરિયાણા-યૂપી-ઉત્તરાખંડ-રાજસ્થાનથી ટ્રેક્ટરો લઇ દિલ્હી પહોંચ્યા

# કૃષિ કાનૂનના વિરોધમાં આજે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી

**બપોરે ૧૨ વાગ્યે શરૂ થશે ટ્રેક્ટર રેલી, શાંતિપૂર્વક રેલી યોજવા ખેડૂતોની જાહેરાત,પરેડ ત્રણ જગ્યાઓથી શરૂ થશે, જેમાં સિંઘુ, ટિકરી અને ગાજીપુર બોર્ડરનો સમાવેશ**

*ન્યુ દિલ્હી,તા.૨૫*

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂત આંદોલનનો આજે ૬૧મો દિવસ છે. દિલ્હીમાં ગણતંત્ર દિવસ પર પહેલી વખત ખેડૂત ટ્રેક્ટર પરેડ કાઢશે, કારણ કે ઘણા વખતની ચર્ચા પછી દિલ્હી પોલીસે ખેડૂતોની પરેડને મંજૂરી આપી દીધી છે. જો કે, પરેડના રૂટ અંગે સસ્પેન્સ યથાવત છે. આ અંગે પોલીસ અને ખેડૂતોના અલગ અલગ દાવા છે.

દિલ્હી પોલીસ કમિશનર એસએન શ્રીવાસ્તવે સોમવારે કહ્યું કે, ખેડૂત નેતાઓ સાથે વાતચીત પછી ટ્રેક્ટર રેલીના ૩ રૂટ માટે સહમતિ બની ગઈ છે. અમે રૂટની મુલાકાત પણ કરી. અમુક દેશ વિરોધી તત્વ ગરબડ કરી શકે છે, જેના માટે અમે સતર્ક છીએ.

પરેડ ત્રણ જગ્યાઓથી શરૂ થશે, જેમાં સિંઘુ, ટિકરી અને ગાજીપુર બોર્ડરનો સમાવેશ થાય છે. આ ટ્રેક્ટર રેલીમાં પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના હજારો ખેડૂતો સામેલ થશે. દિલ્હીમાં આંદોલન કરી રહેલાં ખેડૂતોમાં સૌથી વધુ પંજાબ અને હરિયાણાના ખેડૂતો સામેલ છે.

૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં કાઢવામાં આવનારી ટ્રેક્ટર પરેડમાં સામેલ થવા માટે દેશભરમાંથી ખેડૂતો દિલ્હી પહોંચી રહ્યા છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનર દીપેન્દ્ર પાઠકે જણાવ્યું હતું કે સંયુક્ત ખેડૂત મોરચાને સિંઘુ



અને ટિકરીથી લગભગ ૬૪ કિમી અને ગાઝીપુર બોર્ડરથી ૪૬ કિલોમીટરની પરેડ કાઢવાની મંજૂરી આપવામાં આવી છે.

મંગળવારે ખેડૂતો ટ્રેક્ટર પરેડથી સંબંધિત કાયદા-વ્યવસ્થા માટે સંક્ષિપ્ત સૂચના પર ચાલવા માટે તમામ રીતે તૈયાર રહેવું પડશે.

પોલીસે કહ્યું છે કે, ટ્રેક્ટર પરેડ દિલ્હીના ત્રણ સીમા બિંદુ જેવા કે, સિંઘુ, ટિકરી અને ગાઝીપૂરથી આયોજિત કરવામાં આવશે અને આ અંગે પર્યાપ્ત સુરક્ષા પણ ગોઠવવામાં આવશે. ખેડૂત નેતાઓએ પ્રજાસત્તાક દિવસ ટ્રેક્ટર પરેડમાં સામેલ થતા લોકોને ૨૪ કલાક માટે રાશન ઉપલબ્ધ કરાવવાની સાથે જ પરેડ દરમિયાન શાંતિ જાળવી રાખવા અપીલ કરી હતી. ખેડૂત નેતા હરિંદરસિંહ લખોવાલે કહ્યું કે, અમારો રૂટમેપ કુલ ૫૦૦ કિલોમીટરનો છે. અમે રૂટમેપ બનાવી લીધો છે અને કાલે નેટ પર પણ મુકી દઈશું. સરકાર તમામ પ્રકારની તૈયારી કરે જેથી કોઈ પ્રકારની મુશ્કેલી ન થાય. અમે ૩ હજાર વોલિન્ટિયર્સની ફોર્સ બનાવી છે.

આથી કોઈ ગડબડ ન થાય અને ટ્રેક્ટર રેલી શાંતિપૂર્વક થશે. પ્રજાસત્તાક દિવસ નિમિત્તે યોજાનારી ટ્રેક્ટર પરેડમાં જોડાવવા માટે મોટી સંખ્યામાં ખેડૂતો ગાઝીપુર બોર્ડર પર પહોંચી રહ્યા છે.

પ્રજાસત્તાક દિવસના અવસર ઉપર દિલ્હીમાં ખેડૂતો દ્વારા ટ્રેક્ટર રેલી યોજાનાર છે. જેમાં હજારો ખેડીતો ભાગ લેનાર છે. ત્યારે ઉત્તર પ્રદેશના ખેડૂતોને આ રેલીમાં ભાગ લેતા રોકવા માટે ઉત્તર પ્રદેશ સરકાર કડક વલણ અપનાવી રહી છે. આગ્રા ક્ષેત્રમાં ૧૦૦ જેટલા ખેડૂત નેતાઓને નજરબંધ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ ઉત્તર પ્રદેશ અને દિલ્હી બોર્ડરને સીલ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશ પોલીસ આગ્રા બોર્ડર પર સઘન ચેકિંગ કરી રહી છે. ટ્રેક્ટરોને દિલ્હી જતા રોકવામાં આવી રહયા છે.

### રાફેલ ફાઈટર જેટ પ્રથમવાર પરેડમાં ભાગ લેશે

## કોરોના મહામારી વચ્ચે આજે દેશમાં ૭૨માં પ્રજાસત્તાક દિવસની ઊજવણી કરાશે

*ન્યુ દિલ્હી,તા.૨૫*

૨૬ જાન્યુઆરીએ દેશ પોતાનો ૭૨મો પ્રજાસત્તાક દિવસ મનાવવા જઈ રહ્યો છે. દર વર્ષે આ ઐતિહાસિક પ્રસંગે રાજપથ પર ભવ્ય સમારંભનુ આયોજન થાય છે પરંતુ આ વખતે કોરોના મહામારીના કારણે ભવ્ય આયોજન નથી થઈ રહ્યુ. આ વખતે તમને રાજપથ પર નાની પરેડ જોવા નહિ મળે. એટલુ જ નહિ આ વખતે ગણતંત્ર દિવસ કાર્યક્રમમાં કોઈ ચીફ ગેસ્ટ પણ નથી. તમને જણાવી દઈએ કે પહેલા બ્રિટિશ પીએમ બોરિસ જૉનસનને ભારત આવવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા પરંતુ બ્રિટનમાં નવા કોવિડ-૧૯ સ્ટ્રેનના વધતા પ્રકોપના કારણે તેમનુ આવવાનુ કેન્સલ થઈ ગયુ.

ધ્વજારોહણ - ૨૬ જાન્યુઆરીએ મંગળવારે સવારે ૮ વાગે થશે. ગણતંત્ર દિવસ પરેડ સવારે ૯.૩૦ વાગે રાષ્ટ્રપતિ



ભવનથી શરૂ થશે અને ઈન્ડિયા ગેટ પર ખતમ થશે. પરેડનો રૂટ વિજય ચોકથી રાજપથ, અમર જવાન જ્યોતિ, ઈન્ડિયા ગેટ પ્રિન્સેસ પેલેસ, તિલક માર્ગ થઈને છેલ્લે ઈન્ડિયા ગેટ પહોંચશે.

રાફેલ ફાઈટર જેટ, પહેલી વાર પરેડમાં ભાગ લેશે. વળી, ભારતની પહેલી મહિલા ફાઈટર પાયલટ ભાવના કંઠ ટુકડી સાથે દેખાશે. પરેડમાં બાંગ્લાદેશ સશસ્ત્ર દળોની આર્મી બેંડ પણ પરેડમાં શામેલ થશે. વળી, કોરોના વાયરસના કારણે મોટર સાઈકલ સ્ટંટ નહિ જોવા મળે.

ગણતંત્ર દિવસ ૨૦૨૧ સમારંભમાં માત્ર ૨૫,૦૦૦ લોકો જ હશે. વળી, ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને એન્ટ્રી નથી. માત્ર ૨૦૦ મીડિયા પ્રતિનિધિઓને મંજૂરી મળી છે. બહાદૂરી પુરસ્કાર મેળવનાર બાળકો પણ ૭૨માં ગણતંત્ર દિવસ સમારંભમાં નહિ હોય. આ વખતે રાજપથ પર પહેલી વાર ડીબીટીની ઝાંકી દેખાશે કે જે કોરોના વેક્સીન વિશે લોકોને જણાવશે.

### નોન પ્રોફિટ ગ્રુપ ઓક્સફામના રિપોર્ટમાં ખુલાસો

## કોરોનાકાળમાં ભારતના ૧૦૦ અબજોપતિઓની સંપત્તિમાં ૩૫ ટકાનો વધારો



*ન્યુ દિલ્હી,તા.૨૫*

દેશમાં કોરોના કાળ દરમિયાન અમીરી અને ગરીબી વચ્ચેની ખાઈ વધુ મોટી બની છે. સોમવારે સામે આવેલા નોન પ્રોફિટ ગ્રુપ Oxfamના એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે. રિપોર્ટ પ્રમાણે, કોરોનાકાળમાં લોકડાઉન દરમિયાન ભારતના અબજપતિઓની સંપત્તિ ૩૫ ટકા જેટલી વધી છે, જ્યારે દેશના ૮૪ ટકા ઘરોને આર્થિક સમસ્યામાંથી પસાર થવું પડ્યું. એપ્રિલ ૨૦૨૦માં દર કલાકે ૧.૭ લાખ લોકોની નોકરી જઇ રહી હતી. ઓક્સફેમે કહ્યું કે રોગચાળો અને લોકડાઉનથી અનૌપચારિક કામદારો પર સૌથી ખરાબ અસર પડી છે. આ સમયગાળા દરમિયાન લગભગ ૧૨.૨ કરોડ લોકોએ નોકરી ગુમાવી હતી, જેમાં ૯.૨ કરોડ (૭૫ ટકા) અનૌપચારિક ક્ષેત્રના હતા.

નૉન-પ્રૉફિટ ગ્રુપ Oxfamના એક રિપોર્ટ પ્રમાણે ૧૮ માર્ચથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ દરમિયાન દુનિયાના ૧૦ ટોચના અબજપતિઓની સંપત્તિમાં ૫૪૦ બિલિયન ડૉલલરનો વધારો થયો છે. એવું અનુમાન છે કે આ દરમિયાન ઓછામાં ઓછા ૨૦ કરોડથી ૫૦ કરોડ લોકો ગરીબ થઈ ગયા છે.

એપ્રિલ, ૨૦૨૦માં દરેક કલાકમાં ૧.૭ લાખ લોકોની નોકરીઓ જઇ રહી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, માર્ચ ૨૦૨૦ બાદથી ભારતના ૧૦૦ અબજપતિઓની જેટલી સંપત્તિ વધી છે, તેમાંથી દેશના ૧૩.૮ કરોડ ગરીબ લોકોને ૯૪,૦૪૫ રૂપિયાનો ચેક આપી શકાય છે. રિપોર્ટ અનુસાર, ભારતના ૧૦૦ અબજોપતિઓની સંપત્તિમાં ૧૦ મહિનામાં ૧૨.૯૮ લાખ કરોડનો વધારો થયો છે. જ્યારે દેશમાં લોકડાઉનના પહેલાં બે મહિનામાં લગભગ ૯.૨ કરોડ લોકોની નોકરીઓ ગઇ હતી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં વધતી અસમાનતા કડવી છે. મહામારી દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણીએ એક કલાકમાં જેટલી સંપત્તિ બનાવી તેટલું કમાવવા માટે ભારતના એક અકુશળ કારીગરને ૧૦ હજાર વર્ષ લાગી જશે.

સાથે જ તે સમય દરમિયાન જોવામાં આવ્યું કે, અચાનક લાદવામાં આવેલા લોકડાઉન બાદ લાખો પ્રવાસી મજૂરોએ પોતાનો રોજગાર, બચત, ખાવા-પીવા અને રહેવાની જગ્યા ગુમાવી હતી. તેવો પોતાના ગૃહ રાજ્યો તરફ પરત ફર્યા હતા. ઘણા મજૂરો સેકડો કિલોમીટર ચાલીને પોતાના ઘરે પહોંચ્યા હતા. રિપોર્ટ પ્રમાણે કોરોના વાયરસના શરૂ થયા બાદથી જ દુનિયાના ૧૦ સૌથી ટોચના અબજપતિઓએ જેટલી સંપત્તિ બનાવી છે, તેનાથી દુનિયાના સૌ કોઈને ગરીબીમાંથી બચાવી શકાય છે અને સૌને એક કોવિડ-૧૯ વેક્સિન ફ્રીમાં આપી શકાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોરોના વાયરસે બતાવી દીધું છે કે દુનિયામાં માનવતા પાસે ગરીબીમાંથી નીકળવા માટેનું કોઈ સ્થાઈ સમાધાન નથી. તો અબજપતિઓએ આવા સંકટમાં સંપત્તિ બનાવવાની જગ્યાએ તેમની સંપત્તિનો ઉપયોગ લોકોની જિંદગી અને રોજગાર બચાવવા માટે કરવો જોઇએ.

### જેને પાર્ટી છોડવી હોય તે જલદી છોડીને જતા રહે

## માથું કપાવીશ પણ ભાજપ સામે ઝૂકીશ નહીં: મમતા બેનર્જીનો પડકારો



કોલકાત્તા,તા.૨૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસી ચીફ મમતા બેનર્જી જયશ્રી રામના નારેબાજીવાળી ઘટનાને લઈ ફરીથી ભડક્યા છે. તેઓએ કહ્યું કે, નેતાજી સુભાષચંદ્ર બોઝના કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સામે તેમનું અપમાન થયું છે. તેઓને ખીજવવામાં આવ્યા છે. તે બંગાળને ગુજરાત બનવા નહીં દે. આ ઉપરાંત તેઓએ કહ્યું કે હું માથું કપાવી દઈશ પણ બીજેપીની સામે ઝૂકીશ નહીં.

એક બાદ એક ટીએમસી છોડીને ભાજપમાં સામેલ થઈ રહેલા નેતાઓના મામલામાં કહેવામાં આવી રહ્યું છે કે આ મમતા બેનર્જી માટે મોટો ઝટકો છે. હવે આ મુદ્દા પર મમતા બેનર્જી ખુલીને બોલ્યા છે. તેમણે કહ્યું કે, જે લોકો તૃણમૂલ કોંગ્રેસ છોડીને જવા ઈચ્છે છે, તેણે જલદીથી જલદી જતુ રહેવું જોઈએ.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, ભાજપની પાસે તાંડવ કરવા સિવાય અન્ય કોઈ કામ નથી. નેતાજીના કાર્યક્રમમાં જય શ્રી રામના નારા લગાવવા પર તેઓએ કહ્યું કે, હું નેતાજીના કાર્યક્રમમાં ગઈ હતી. પણ તેઓની હિંમત કેવી રીતે થઈ. અમુક કટ્ટરપંથી મને ખીજવી રહ્યા હતા. તે મને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સામે ખીજવી રહ્યા હતા. જો તેઓએ નેતાજી પર નારા લગાવ્યા હોત તો હું તેમને સલામ કરતી. પણ નહીં. મમતાએ કહ્યું કે, નેતાજી અને બંગાળે અપમાન કર્યું છે.

મમતાએ કહ્યુંકે, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ તમામના નેતા છે. તે લોકો પીએમની સામે ખીજવી રહ્યા હતા. હું બંદૂકોમાં વિશ્વાસ કરતી નથી. હું રાજનીતિમાં વિશ્વાસ કરું છું. બીજેપીએ નેતાજી અને બંગાળનું અપમાન કર્યું છે. અને મમતાએ એમ પણ દાવો કર્યો કે તે બંગાળને ગુજરાત નહીં બનવા દે. પણ ગુજરાત જ બંગાળ બની જશે.

મમતાએ આગળ કહ્યું કે, ભાજપે પહેલાં પણ બંગાળના પ્રતિષ્ઠિત લોકોનું અપમાન કર્યું છે અને આજે પણ આમ જ કરી રહી છે. મમતાએ એમ પણ કહ્યું કે, બીજેપીનું નામ 'ભારત જલાઓ પાર્ટી' રાખવું જોઈએ.




**આવતીકાલ તા.૨૬-૦૧-૨૦૨૧ ના રોજ પ્રજાસત્તાક દિન હોવાથી ગુજરાતી ન્યૂઝ પેપર "ન્યુઝ ઓફ ગાંધીનગર" રજા પાળશે. જેથી તા.૨૭-૦૧-૨૦૨૧ ના રોજનો અંક પ્રસિદ્ધ થશે નહી. જેની વાચક મિત્રોએ ખાસ નોંધ લેવી.**

### ભારતના અનેક જૂના બંધ જોખમી: યુનો

*સંયુક્ત રાષ્ટ્રસંઘ,તા.૨૫*

વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતમાં હજાર કરતા પણ વધુ બંધ અંદાજે પચાસ વર્ષ કે તેથી પણ વધુ જૂના થઈ જશે અને આવા બંધ વિશ્ર્વ સામે જોખમ વધારી રહ્યા હોવાનું યુનાઈટેડ નેશન (યુએન)ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૫૦ સુધીમાં પૃથ્વી પરના મોટાભાગના લોકો ૨૦મી સદીમાં બાંધવામાં આવેલા આવા હજારો બંધના જોખમના ભયના ઓથાર હેઠળ હશે, એમ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૩૯૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૯૪૮૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૦૭**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૦૮૬૩**

## તંત્રી સ્થાનેથી...

# દેશમાં સ્વાતંત્ર દિનની ઉજવણી ઘટવાનુ કારણ શું.....?

૨૬ મી જાન્યુઆરી એટલે ભારતનું મહાપર્વ "પ્રજાસત્તાક દિન". ભારતની આઝાદી માટે અનેક નામી-અનામી વીરોએ શહાદત વહોરી ત્યારે આઝાદી મળી છે. પરંતુ આજે દેશ ભરમાં આઝાદી દિન તથા પ્રજાસત્તાક દિનનું મહત્વ શું છે તે કેટલા લોકો જાણતા હશે....? તે સવાલનો જવાબ છે ઘણા જ ઓછા લોકો.....! ભારતના લોકોએ આઝાદી મેળવવા લાંબા સમય સુધી જે સંઘર્ષ કર્યો તે કોઈ નાનીસૂની વાત નથી. આમ પ્રજા જ્ઞાતિ-જાતિ, કોમના દરેક વાડા ભૂલીને ભાઈ ચારા ની ભાવના સાથે અંગ્રેજ સલ્તનત સામે શાંત અને અહિંસક આંદોલનો ચલાવ્યા. નોંધનીય બાબત એ હતી કે દેશની આમ પ્રજાએ આઝાદી ન મળે ત્યાં સુધી દર વર્ષે ૨૬ જાન્યુઆરીના દિવસને પૂર્ણ સ્વરાજ દિન તરીકે ઉજવવાનું નક્કી કરેલ. દેશના કરોડો લોકોનુ ધ્યેય માત્ર ગુલામીમાંથી મુક્ત થવાનું બની ગયુ હતુ. સ્વાતંત્ર્ય સંગ્રામના અનેક સ્વાતંત્ર્ય વીરોએ પોતાનું સર્વસ્વ લૂંટાવીને કે શહીદી વહોરીને આખરે આઝાદી મેળવી જે ૧૯૪૭ મા મળી ત્યારબાદ દેશનું બંધારણ તૈયાર કરવા ત્રણ વર્ષ લાગ્યા જેને સર્વ સ્વિકૃતિ મળતા ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે આમ પ્રજાને સમર્પિત કરવામાં આવ્યું તે સાથે જ ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ બની ગયો. તે સમયે જે ખુશી આમ પ્રજામાં હતી તે અનેરી હતી. આમ પ્રજાએ ભારે ઉમંગથી-ઉત્સાહથી સ્વાતંત્ર પર્વની ઉજવણી કરી હતી. ત્યારબાદ દર વર્ષે આમ પ્રજા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ભારે ઉમંગ-ઉત્સાહ સાથે હોંશે હોંશે કરતા રહ્યા... તે સમયે શાળાઓમાં ધ્વજ વંદન કરવા સાથે બાળકોને મિઠાઈ વહેંચવામા આવતી હતી, ૨૬ જાન્યુઆરી ના ત્રણ દિવસ પહેલા વિદ્યાર્થીઓના ત્રિરંગા ઝંડા સાથે વહેલી સવારે ગામ અને શહેરોમાં સરઘસ કાઢી નીકળી પડતા હતા. તે સમયના શિસ્ત, સંયમ અને ઉત્સાહ- ઉમંગ અનોખા હતા- અનોખી રીત ભાત હતી, આ દિવસે પ્રસંગને અનુરૂપ વિવિધ મનોરંજન કાર્યક્રમો પણ યોજાતા હતા... પરંતુ છેલ્લા ત્રિસેક વર્ષથી ઉજવણીમાં ઓટ આવતી ગઈ છે અને તેમાં પણ છેલ્લા ૧૫ વર્ષથી તો સ્વાતંત્ર પર્વ જાણે કે સરકારી ઉજવણી- અર્ધ સરકારી ઉજવણી પર્વ બની ગયું હોય તેવી સ્થિતિ બની રહી છે.....! તે માટેના અનેક કારણો છે જેમાં મૂળ પાયો શિક્ષણ કહેવાય ત્યાંના અભ્યાસક્રમોમાં બદલાવ કરાયા અને ધીરી ગતિએ દેશની આઝાદીના લડવૈયાઓ,સ્વાતંત્ર્ય વીરોની વાર્તાઓ અભ્યાસક્રમોમાંથી દૂર થતી ગઈ પરિણામે આજે ભારતમાં અનેક યુવાધનને ભારતની આઝાદી કે સ્વાતંત્ર દિવસની ઉજવણી શા માટે કરવામાં આવે છે તેનો ઇતિહાસ જાણતા નથી....! અને કદાચ અભ્યાસક્રમોમાં હશે પરંતુ તે આઝાદી દિન કે પ્રજાસત્તાક દિનની ઉજવણી પૂરતો જ.....!!

અત્યારના ભારત ગણતંત્રતાના મીઠા ફળ ભોગવી રહ્યું છે.... પરંતુ પુનઃ ઈતિહાસ કરવટ બદલી રહ્યો હોય તેવી સ્થિતી ઉદભવવા જઇ રહી છે....! પાકિસ્તાને ભારતના ગિલગિટ-બાલ્ટિસ્તાન પચાવી પાડયા છે અને હવે તે વિસ્તારમાં ચીનને પ્રવેશ આપી બંધ બાંધી રહ્યું છે. કાશ્મીરમાં આતંકી હુમલાઓ કરી-કરાવી રહ્યું છે. ચીને પોતાની શિયાળ ચાલ મિત્રતા બતાવીને ભારતના પ્રદેશોમાં ઘૂસી જઇને પોતાની માલિકીનો દાવો કરી રહ્યુ છે, નેપાળે પણ ચીનની વાતમાં આવી થોડી કૂદાકૂદ કરી પરંતુ સાચી વાત સમજાતા ઠેકાણે આવી ગયું છે. જ્યારે કે "વસુધૈવ કુટુંબકમ્"ને વધેલું ભારત દરેક દેશોને મુશ્કેલ સમયમાં સહાય કરવામાં આગળ વધતું રહ્યું છે. ત્યારે આવો આપણે આપણા દેશમાં ભાતૃભાવના- ભાઈચારાને ઉજાગર કરી દેશના દરેક બાંધવોની મદદે દોડીને અને દેશ સમૃધ્ધ અને શક્તિશાળી બને તેવો પુરૂષાર્થ કરવા સાથે દેશના ઉત્પાદનો ખરીદી કરીએ અને દેશના વિકાસમાં સહભાગી બનીએ, બેરોજગારી, ભૂખમરો, બાળમજૂરી, કુપોષણ દૂર કરવા સંયુક્ત પ્રયાસો કરીએ. ભારત ખેતીપ્રધાન દેશ છે અને વિવિધ કૃષિ ઉત્પાદનોમાં આત્મનિર્ભર છે. વિશ્વમાં સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ અનેક પડકારોનો સામનો કરી શકે તેવી શક્તિ ધરાવે છે..... ત્યારે આવો સ્વાતંત્ર્યદિન મહાપર્વે દેશને આઝાદી અપાવનાર નામી-અનામી શહિદો,સંગ્રામની રોને યાદ કરતા રાષ્ટ્રધ્વજ લહેરાવી વંદન કરીએ...... વંદે માતરમ્

# તારી મહાનતાને શણગારવા છંદની જરૂર નથી, 'હિન્દુસ્તાન' નામ જ અભિમાન કરવા જેવી ગઝલ છે..!!

ગઈ કાલે પેલા ભાઈનાં પ્લાન સાંભળી મન પાછું તો ચોક્કસ પડ્યું પણ વળી એમ થયું કે કદાચ મારા જેવા ગણ્યાં ગાંઠ્યા લોકો હજી પણ હશે જે આપણા ભવ્ય ભૂતકાળને યાદ કરી ગૌરવ અનુભવતાં હશે. આજના લેખમાં પ્રયત્ન કરીશ કે એ ભાઈ સાથેની ગઈકાલની વાતચીત દરમ્યાન અનુભવેલી વ્યાકુળતામાંથી બહાર નીકળી આજના વિશેષ દિવસ વિશે વાત કરું. આજના દિવસે આપણું બંધારણ અમલમાં આવેલું એટલે આજે થોડું ઘણું આપણા બંધારણ અને એની ખાસિયતો વિશે જાણીએ.

બંધારણનાં આ સ્વર્ણિમ ઈતિહાસ પર એક નજર નાંખીએ તો ખ્યાલ આવે કે ભારત વિશ્વમાં સૌથી મોટું લેખિત સ્વરૂપનું બંધારણ ધરાવે છે. આ બંધારણ અમલી બન્યું ત્યારે તે ૨૨ ભાગોમાં હતું અને ૩૯૫ અનુચ્છેદ, ૮ અનુસૂચિ હતી. વર્તમાન સમયમાં બંધારણ ૪૪૮ કલમો, ૧૨ અનુસૂચિ અને ૨૫ ભાગમાં છે. ભારત જેવા વૈવિધ્યપૂર્ણ દેશના બંધારણની રચના કરવામાં આશરે ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસનો સમય લાગ્યો હતો અને ૨૮૪ લોકો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં.

ભારતના બંધારણની મૂળ નકલો હિન્દી અને અંગ્રેજી બંન્ને ભાષામાં હસ્તલિખીત હતી. તેમા ટાઈપિંગ કે પ્રિન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. બંન્ને ભાષામાં બંધારણને પ્રેમ બિહારી નારાયણ રાયજાદા દ્વારા લખવામાં આવ્યું હતું. નવાઈની વાત એ છે કે તેમને બંધારણને લેખિત સ્વરૂપ આપવાના બદલામાં મહેનતાણા અંગે પૂછવામાં આવતા કંઈ પણ લેવાનો ઈન્કાર કર્યો હતો. આચાર્ય નંદલાલ બોઝે ભારતીય બંધારણના દરેક પેજની ચિત્રોથી સજાવટ કરી છે. બંધારણની મૂળ નકલો સંસદની લાઈબ્રેરીમાં હિલિયમ કેસમાં રાખવામાં આવી છે.

ભારતના સંવિધાનને વિશિષ્ટ રીતે રચવામાં આવ્યું છે. જેમાં ભારતના તમામ સાંપ્રદાયિક પાસાંઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણા બંધારણમાં વિશ્વના અલગ-અલગ દેશોમાંથી કેટલાંક સારાં સારાં પાસાઓને સમાવીને અમલી કર્યા છે, માટે જ આપણા સંવિધાનમાં આપણને વિવિધ દેશોની સંસ્કૃતિના દર્શન થાય છે. ખાસ જાણવા જેવી બાબત એ છે કે વિશ્વના વિવિધ દેશોના બંધારણની શ્રેષ્ઠ જોગવાઈઓને ભારતના બંધારણમાં સ્થાન આપવામાં આવ્યુ છે. ઘડવૈયાઓએ વિવિધ દેશોની જુદી જુદી પ્રણાલીનો અભ્યાસ કરી દેશને માટે સર્વશ્રેષ્ઠ બંધારણ ઘડવાનું પ્રશંસનીય કામ કર્યું છે.

બ્રિટન પાસેથી સંસદીય પ્રણાલી, સંસદીય વિશેષાધિકાર, સંસદ તથા વિધાનસભા અને વિધાનપરિષદની પ્રક્રિયા અપનાવવામાં આવી છે. અમેરિકા જેવા સૌથી જૂના લોકશાહી દેશ પાસેથી મૌલિક – મૂળભૂત અધિકારો, સર્વોચ્ચ અદાલતની સ્થાપના તેની સત્તાઓ, ઉપરાષ્ટ્રપતિ પદની ખૂબી ગ્રહણ કરી છે. કેનેડા પાસેથી રાજ્યવ્યવસ્થા તો જર્મની પાસેથી કટોકટી સંબંધી જોગવાઈ, આયર્લેન્ડ જેવા નાનાં દેશ પાસેથી રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સોવિયેત સંઘ રશિયા પાસે નાગરિકોની મૂળભૂત ફરજો, ઓસ્ટ્રેલિયા પાસેથી સંયુક્ત યાદી, કેન્દ્ર તથા રાજ્યો વચ્ચે અધિકારોનો વિભાગ અપનાવાયો છે. ફ્રાન્સ પ્રજાસત્તાકમાં અવ્વલ હતું. જાપાન કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયામાં ઉત્તમ દેશ હતો. એમનો પણ અભ્યાસ કરી અપનાવવા યોગ્ય બાબતો બંધારણમાં સમાવી લેવાઈ છે.

આજે આ બધી માહિતી કેટલી શાળાઓમાં ભણાવાય છે? અમારા જમાનામાં અમને કંઈક અલગ જ ઉત્સાહ રહેતો. ૨૬ જાન્યુઆરી કે ૧૫ ઓગસ્ટનાં શાળામાં ધ્વજવંદનનાં કાર્યક્રમ ગોઠવાતાં. એ પછી પણ સાંસ્કૃતિક કાર્યક્રમો થતાં અને એમાં બધાં વિદ્યાર્થીઓ હોંશે-હોંશે ભાગ પણ લેતાં. એનાં માટે અગાઉથી તૈયારીઓ કરતાં ત્યારે કોઈ ને કોઈ રીતે આઝાદી કેવી રીતે મળી, આપણા વીર શહીદો વિશે કે આપણી આ મહામૂલી આઝાદીનાં ઈતિહાસ વિશે કે આપણા બંધારણ વિશે ખુબ રસપ્રદ રીતે શાળાનાં શિક્ષકો આ બધી માહિતી આપતાં. આ બધું ફક્ત પુસ્તકીય જ્ઞાન નહોતું. એની સાથે-સાથે અમને એ પણ શિખવવામાં આવતું કે એક જવાબદાર નાગરિક તરીકે આપણી ફરજો શું છે. આશા રાખું કે વર્તમાન સમયની શાળાઓમાં પણ આ રીતે કાર્યક્રમો ગોઠવી એને રસપ્રદ બનાવી વિદ્યાર્થીઓનાં દિલમાં સાચા અર્થમાં દેશપ્રેમની ભાવનાનાં બીજ નાનપણથી જ રોપવાના પ્રયત્નો કરે.

પહેલાં અમને ભણાવવામાં આવતું કે ભારતના બંધારણમાં નાગરિકોના હક્કો ઉપરાંત નાગરિકોની ચોક્કસ ફરજોનો પણ સમાવેશ છે. શિક્ષકો આ બધી ફરજો વિશે પણ સમજાવતાં. જેમ કે, જાહેર મિલકતનું રક્ષણ કરવાની, સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો તથા રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવાની. ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની, આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વરસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની અને એવું તો કંઈ કેટલુંય. આ બધું વિસ્તારથી શિક્ષકો શિખવાડતાં અને ધીરજથી સમજાવતાં. પણ વર્તમાન સમયમાં અંગ્રેજી શાળાઓનું જે હદે વર્ચસ્વ છે ત્યારે શું આ બધાં શબ્દો વિદ્યાર્થીઓનાં કાને પડતાં જ નહિં હોય? ખાનગી કે સરકારી શાળાઓમાં ધ્વજવંદનનાં કાર્યક્રમો પણ માત્ર ઔપચારિકતા બનીને રહી ગયાં છે.

જો લિખિત બંધારણ ન હોત તો કોઈ પણ વ્યક્તિ પોતાની રીતે દેશમાં વહીવટી અરાજકતા ફેલાવી શકે. બંધારણ આપણી ન્યાયપ્રણાલીને જાળવે છે તેમજ લોકોને એક સીમામાં રહીને એકત્ત્વના ભાવથી કામ કરવા માટે પ્રેરિત કરે છે. રાજ્યની જવાબદારી તથા નાગરિકોની ફરજનો સ્પષ્ટ ઉચ્ચાર કરે છે. હક અને ફરજ એ સિક્કાની બે બાજુઓ છે એવું આપણે કાયમ ભણતાં આવ્યાં છીએ. આજના દિવસે હું ફક્ત એટલી જ આશા કરી શકું કે જો આપણે હકની આશા રાખતા હોઈએ તો એક જવાબદાર નાગરિક તરીકે મૂળભૂત ફરજો નિભાવવી પણ એટલી જ અનિવાર્ય છે. મને અને આપ સહુને આજનાં ખાસ દિવસે એક જવાબદાર નાગરિક તરીકે વર્તવાની પ્રેરણા મળે એવી ભાવના રાખું છું અને એ સાથે આપ સહુ સમક્ષ આજે થોડાં વિચાર, થોડાં પ્રશ્નો પણ વહેતા કરું છું એ આશા સાથે કે આપ સહુ એના પર વિચાર ચોક્કસ કરશો.

આપણે બધાં ભલે જુદી-જુદી રીતે આ દિવસ દેશની અંદર રહીને ઉજવીએ છીએ પણ કોઈ દિવસ વિચાર કર્યો છે કે આપણે બધાં સામાન્ય નાગરિકો આપણા તહેવારો આનંદ અને ઉલ્લાસથી ઊજવી શકીયે એ માટે સરહદો પર ગમે તેવી કડકડતી ઠંડી, અગનજવાળા વરસાવતો તાપ કે મુશળધાર વરસાદ જોયાં વગર કોઈ ખડે પગે સજ્જ છે? આ એ જવાનો છે જેમનાં દિલમાં વાર-તહેવાર કે પરિવાર સાથેની કોઈ અમૂલ્ય કે સુખદ ક્ષણો ન માણી શક્યાનો અફસોસ નહિં પણ દેશ માટે ફના થઈ જવાની કે કુરબાન થઈ જવાની ખુમારી વધારે ઝળકે છે. આપ સહુને આજના પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ સાથે ખાસ આજની યુવા પેઢીને મારે થોડી વાતો કહેવી છે. આશા રાખું કે દેશપ્રેમ ફક્ત ફોટા કે ગીતો મૂકીને કે ફેસબૂક પર કે સ્ટેટસમાં શ્રદ્ધાંજલિ મુકવાને બદલે કે શહીદોની શહીદી ટ્વીટર પર ટ્વીટ કરવાને બદલે ખરાં અર્થમાં ઊજવીએ.

આમ તો અમુક દિવસો કોઈ એક દિવસ ની ઉજવણીનાં મોહતાજ હોતાં જ નથી. દેશપ્રેમ પણ દિલમાં બારેમાસ જ હોય, નહિં કે આ ૨૬ જાન્યુઆરી કે ૧૫ મી ઓગસ્ટ પૂરતો. છતાંય આ એક દિવસ ઊજવવો જ છે તો કંઈક અલગ રીતે ઊજવો. આ એક દિવસ ફેસબુક કે વોટ્સએપની દુનિયામાંથી બહાર નીકળી આપણાં વૈવિધ્યસભર વારસાને જાણવાનો પ્રયત્ન કરીએ. આપણી સંસ્કૃતિને ઓળખીએ. આપણા લોકસાહિત્ય તરફ વળીએ. દેશનાં સારાં પાસાંઓ પણ જાણવાનો પ્રયત્ન કરીએ. ભલે એક દિવસ પૂરતું જ પણ આ બધું કરવાનો પ્રયત્ન તો કરીએ. દેશપ્રેમની ભાવના દિલમાં નિરંતર જાળવીએ અને સારાં કાર્યમાં સહકાર આપી દેશની ઉન્નત્તિમાં આપણું યોગદાન આપીએ.

આઝાદ ભારતનાં નાગરિક તરીકે આપણા માથે પણ ઘણી જવાબદારીઓ છે. ઘણા પ્રશ્નો છે પણ સાથે મળીને એનો ઉકેલ લાવીએ અને નિષ્ઠાપૂર્વક આપણી ફરજો નિભાવીએ. દેશનાં બધાં જ નાગરિક આટલું કે આમાંથી થોડું ઘણું પણ કરશે તો એ પણ એક સાચા દેશપ્રેમી જ છે. આપણે બધા રોજ ઓફિસોમાં ઈસ્ત્રી ટાઈટ કપડાં પહેરીને જવાનો આગ્રહ રાખીએ છીએ પણ ક્યારેક આ દેશભક્તિનો લિબાસ પહેરી જોઈએ તો કેવું? આપણને બધાંને ત્રિરંગો લહેરાવવો ગમે છે પણ કોઈ દિવસ વિચાર આવે છે એમના વિશે જે લોકો ત્રિરંગામાં લપેટાઈને એનું કફન ઓઢીને પાછા આવે છે? શું મારી જેમ કોઈ પત્નીમાં છે હિમંત આ દ્રશ્ય જોવાની? એક મા એનો દીકરો એક રાત માટે પણ પાછો ન આવે તો ઊંચીનીચી થઈ જાય છે પણ જેનો દીકરો એક સૈનિક છે એ મા ને તો ખબર જ છે કે એક વાર ગયા પછી એનો દીકરો પાછો નહિં આવે તો પણ એકીટશે રાહ જોયા કરે છે. શું આવી ધીરજ છે મારા જેવી કોઈ મા પાસે?

હું આ વાતનો નિખાલસતાથી સ્વીકાર કરું છું કે મારું કાળજું એટલું કઠણ નથી. મારામાં આવા દ્રશ્યો જોવાની હિમંત પણ નથી. પણ હા! કમસેકમ આવા મજબૂત મનનાં લોકો જે આ કરતાં આવ્યા છે અને કરે છે અને આગળ પણ કરશે એમની સામે નતમસ્તક ચોક્કસ છું અને આ શૂરવીરોનું બલિદાન એળે ન જાય માટે આ મહામૂલી આઝાદીનું જતન કરવા મારાંથી બનતો સહકાર તો આપી જ શકું છું અને હું આપું પણ છું. હા, એનું જાહેરમાં પ્રદર્શન કરવાનું ટાળું છું પણ હું મારાથી બનતું કરું જ છું એટલે ખાલી મોટા-મોટા ઉપદેશો આપવાની વાત જરાય નથી.

યુવાપેઢીને ખાસ કહું છું કે જાત-પાત ભૂલી કોમી રમખાણો કે દંગા ફસાદમાં સાથ ન આપીએ, ખોટી રાજનીતિનો ભાગ ન બનીએ, કોઈનાં ઉશ્કેરાયા કે દોરવાયા દોરાઈ જવાને બદલે સાચી માહિતી મેળવાનો પ્રયાસ કરી અને આપણી સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરીએ. પોતાનાં ઘરમાં જાળવીએ છીએ એવી જ સ્વચ્છતા જાહેરમાં પણ જાળવીએ, કાયદા અને નિયમોનું પાલન કરીએ, રિશ્વતખોરી પહેલાં આપણે જ અટકાવીએ, સરકાર અને પોલીસનાં સારા કાર્યોમાં સહકાર આપીએ, કોઈ નિયમ કે કાયદો ન ગમે તો વિરોધ ચોક્કસ કરીએ પણ કાયદાની મર્યાદામાં રહીને. જાહેર મિલકતને નુકસાન ન પહોંચાડીએ. દેશને પ્રગતિ અને વિકાસનાં પંથે લઈ જનાર ઉદ્યમી અને અનુભવી લોકોની કદર કરીએ, પાયાના ઘડતરમાં જેમનો ફાળો ખૂબ અગત્યનો છે એવા સિદ્ધાંતવાદી શિક્ષકો, માતૃભાષાને સદાય એમની કલા અને કલમથી જીવંત રાખનાર તમામ કવિઓ, લેખકો, લોકસાહિત્યકારો અને ગુરુજનોનો આદર કરીએ. શિક્ષણ અનિવાર્ય છે માટે એને જાતિ, ધર્મ કે વર્ણનાં ત્રાજવે ન તોળતા સાક્ષરતાનો વ્યાપ વધે તેવા પગલાં લઈએ, બને તો આર્થિક અસમાનતા ઘટાડવામાં મદદરૂપ થઈએ. પશ્ચિમી સંસ્કૃતિઓનું આંધળું અનુકરણ છોડી આપણાં અમૂલ્ય વારસાને જાળવીએ.

સ્ત્રી અને પુરુષનાં અધિકારોમાં સમાનતા લાવીએ, આત્મરક્ષા કરતા દીકરીઓને પણ શિખવીએ અને દીકરાઓને પણ એ સમજ આપીએ કે જેવું વર્તન તમારી માતા, બહેન કે પત્ની માટે સાંખી ન શકો એવું અન્ય સ્ત્રી સાથે પણ ન જ કરવું. કોઈ પણ સ્ત્રીનું ગૌરવ હણાય એવા કાર્ય થતાં અટકાવીએ અને જો કોઈની સાથે આવો કોઈ પ્રયાસ થયો હોય તો સમાજની વિચારધારા બદલાવવામાં સહકાર આપીએ જેથી આગળનું જીવન ગૌરવભેર જીવવામાં સાથ આપી શકાય. ઘણાં કિસ્સામાં સ્ત્રીઓને મળતાં અધિકારનો દુરુપયોગ કરી પુરુષોને પણ અન્યાય થાય છે માટે ફક્ત સ્ત્રીઓનું સન્માન જ નહિં પણ પુરુષોનાં સ્વાભિમાનની પણ રક્ષા કરીએ, વૃક્ષો વાવી પર્યાવરણનું જતન કરીએ અને જરૂરતમંદ સુધી આપણાં હાથ પહોંચે એટલાં ચોક્કસ લંબાવીએ. એક સામાન્ય નાગરિક તરીકે આપણે દેશની અંદર રહીને પણ એના વિકાસમાં ઘણું બધું યોગદાન આપી શકીએ એમ છીએ. આપણે બધા મળીને જો આ કરી શકીયે તો જ સાચા અર્થમાં આઝાદીનાં મૂલ્યો જળવાશે અને આઝાદ ભારત પર ગૌરવ અનુભવાશે.

બીજી વાર ક્યારેય પણ કોઈ જવાનને એની વર્દીમાં સજ્જ જુઓ તો નતમસ્તક થઈ પ્રણામ કરજો અને સાચા દિલથી એક સલામી ચોક્કસ આપજો અને કહેજો કે, ×હે વીર! તમારા જેવા પનોતા પુત્રો હજી પણ એની રક્ષા કાજે સજ્જ છે એટલે જ હજી સુધી મા ભારતી પર ઊની આંચ નથી આવી અને તમે બધા કટિબદ્ધ છો ત્યાં સુધી સમગ્ર વિશ્વમાં મા ભારતીનું મસ્તક સદાય ઉન્નત રહેશે.× આજના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે આપણે સહુ સાચા અર્થમાં આ દિવસનું મૂલ્ય સમજવા કટિબદ્ધ થઈએ અને આપણા દેશના વિકાસમાં આપણા યોગદાનનું મહત્વ સમજતા થઈએ. આ સાથે મારો ગમતો શેર જે મારા દિલમાં કાયમ માટે વસેલો છે એ આજે ટાંકવાનું મન થઈ આવ્યું,

તારી મહાનતાને શણગારવા છંદની જરૂર નથી,
'હિન્દુસ્તાન' નામ જ અભિમાન કરવા જેવી ગઝલ છે..!!

**વૈભવી જોશી. ઓસ્ટ્રેલિયા**

# યંત્રો, મંત્રો અને સૂત્રોથી બીજાને બાંધવા આધ્યાત્મિક પ્રદૂષણ છે. મારો-આપણો અનુભવ છે કે આજે પણ જીવંત સમાધિઓ છે.



માનસ નિર્વાણ -મહેશ એન.શાહ

મોરારિબાપુનું નિર્વાણ રામચરિત માનસ છે.

ભગવાન બુદ્ધની ચેતનાઓ અને ત્યાંના અણુ પરમાણુના વાઈબ્રેશન્સને પ્રણામ કરીને બીજા દિવસની કથામાં બાપુએ જણાવ્યું કે આ આઠ પ્રકારના નિર્વાણ શબ્દ મારા માટે,તમારા મોરારિબાપુને લાગે છે કે આઠ પ્રકારનું નિર્વાણ છે. યંત્રોથી,મંત્રોથી, સૂત્રોથી બીજાઓને બાધ્ય કરવું એ મારી દ્રષ્ટિમાં હિંસા છે.આ જપ, આ જ મંત્ર કર એ હિંસા છે. યંત્રોમાં શસ્ત્ર પણ છે અને તંત્ર યંત્ર,મેલી વિધ્યાના દુરુપયોગથી હિંસા થાય છે. ઘણા લોકો પોતાના મનમાન્યા સૂત્રો ફેંકીને હિંસા કરે છે, આ ત્રણે આધ્યાત્મિક પ્રદૂષણ છે. બુદ્ધ સદૈવ કહેતા કે વાણી,ત્યાગ,વૈરાગ,મારુ બધું જ જોઈ ને ઓ ભિખ્ખુઓ માની ન લેતા. ત્યારે જ માનજો કે તમારા પ્રયોગમાં સાચું ઠરે,અને જ્યારે આવું થશે ત્યારે આ વાત મારી નહી તમારી પોતાની થઈ જશે.

મારી તલગાજરડી માટી મને કહે છે આઠ પ્રકારના નિર્વાણનો સંકેત. આ કોઈ ગ્રંથમાં મળે કે ના મળે થોડા સમય માટે મોરારીબાપુ જ એક ગ્રંથ છે એવું સમજી લો. આ સાધુના હોઠોથી સાધુતા બોલે છે વચ્ચે પ્રશ્ન આવ્યો કે સુંદરકાંડનો પાઠ રોજ કરવાથી શું ફાયદો મળે? બાપુએ કહ્યું કે એક વાત સમજી લ્યો જ્યાં ફાયદો છે ત્યાં નુકસાન પણ છે આ બંને સાપેક્ષ છે હર્ષ-શોક, સુખ-દુઃખ,જન્મ-મૃત્યુ આવવું-જવું, પ્રેમ-નફરતની જેમ.અધ્યાત્મમાં કોઈપણ કાર્ય ફાયદા માટે ન કરો નહી તો સામે નુકસાન છે, અને નુકસાન પણ થઈ જાય તો સામે ફાયદો પણ ઊભો છે. ગુરુના ધૈર્ય અને વચન પર ભરોસાની જરૂર છે.સુંદરકાંડ કરવાથી બે માંથી ત્રણ ફેક્ટરી કે પ્લોટમાં બંગલો બની જાય એ વિચારવું જ બેકાર છે. કલિયુગનું મલ કાઢી નાખે છે, કળયુગ મેલથી ભરેલો છે. સુંદરકાંડનો પાઠ કરવાથી ફાયદો છે, શ્રવણ કરવાથી પણ ફાયદો છે. પણ પાઠ કરવામાં કાગળ બોલે છે અને શ્રવણ કરવા માં સાધુનું કાળજું બોલે છે.કોઈ વ્યક્તિ પોતાના હૃદયમાં એટલું બધું ભરી અને પ્રતિક્ષા કરે કે ક્યારે મોકો મળે અને બધું જ આપી દઉં! પરંતુ મૂઢ લોકો સમજતા જ નથી! તલગાજરડી-મારી ભાષામાં નિર્વાણનો એક અર્થ છે નિર્વિચારતા. દાતા જે કરે, જે વિચારે, જે કહે, ક્રિયા ત્યાં છે પણ અહીં આપણે નિર્વાણ મેળવી ગયા. આ તુલસીનું જાણે કે નિર્વાણ અષ્ટક છે. ચાર પ્રકારની મુક્તિઃસાયુજ્ય,સામિપ્ય,સારૂપ્ય,સાલુક્ય-સાલૌક્ય મુક્તિ બાબતે કહ્યું કે પોતાના બુદ્ધ પુરુષ જેવું જ રૂપ બની જાય એ સારૂપ્ય મુક્તિ છે, બુદ્ધ પુરુષ ની આરાધના કરતાં કરતાં એના જેવું આયુષ્ય બને એ સાયુજ્ય મુક્તિ છે, એની કરુણા અને એ અવસર આપે અને એની પાસે રહેવા મળે આ સામિપ્ય મુક્તિ છે અને જેને માનતા હોઈએ એ પરમતત્વનાં લોકમાં નિવાસ મળે એ સાલોક્ય મુક્તિ છે. પરંતુ અહીં એ બધી ઉપરની વાત ને બદલે આપણે ધરાતલ ની વાત કરીએ જેની પાસે રસ મળે જીવવાની મજા આવે અને મરવાનુ નહીં,મરે આપણું મોત! આપણને તો જીવાડનાર મળી ગયો છે એની સેવામાં લગાડી દે એ મુક્તિ. આમ કરતાં કરતાં સારૂપ્ય મુક્તિ એટલે કે શિષ્ય આત્માથી, મનથી, બુદ્ધિથી તો ઠીક ચહેરાથી પણ ગુરુનું સ્વરૂપ પ્રાપ્ત કરે.શિષ્યમાં ગુરુ પૂરેપૂરો ઉતરી જાય. આપણે જોયું છે જેને કબીરને પૂરેપૂરા મેળવેલા એના ચહેરામાં કબીરતા આવવા લાગેલી. બુંદવંશ-સંસાર વંશમાં મા બાપની ઝલક આવે છે, એ જ રીતે નાદવંશમાં ગુરુની ઝલક આવે છે. એવા ચહેરાઓ જોયા છે જ્યાં પૂરેપૂરો ગુરુ ઉતર્યો છે.રામચરિતમાનસમાં ચારે પ્રકારની મુક્તિનાં પાત્રો આપણને મળે છે. આ નિર્વિચારતા નિર્વાણ છે અને અખંડ નિર્વિચારતા એ મહાનિર્વાણ છે. અખંડ નિર્વિચારતામાંથી જે વિચાર આવે એ આપણને, આપણા જેવાને નિર્વાણ પ્રદાન કરે છે. નિર્વાણની પરિભાષામાં એક માર્ગી સાધુ હોવાને નાતે મારો ભાવ વ્યક્ત કરી શકું તો સમાધિ. ભગવાન પતંજલિની સમાધિ પણ એક છે પણ અહીં સમાધિ ધૂપની સમાધિ.મોક્ષ પછી તો બધું જ ખતમ. ખાંડ બનવા કરતાં ખાંડ ખાવાની મજા આવે એમ સમાધિનો અર્થ ધુપ ના રૂપમાં જે પુનઃ જાગે,આ જૂના અનુભવો છે જીવણદાસબાપા એ ઘણી વખત કહેલું કે ધ્યાનસ્વામી બાપાની સમાધિમાંથી શંખ-ઝાલર વગેરે સંભળાય છે અને પીરાઇ ખૂશ્બુ નો અનુભવ થાય છે. થઈ શકે છે. ત્રીજું-સહેજ ઊલટું-પૂલટું લાગશે પણ આપ આપે માની લેવાની જરૂર નથી, આમ પણ બધા જ બધું જ ક્યાં માને છે!! માત્ર સાંભળો,સમાધિ સપનામાં આવે એ પણ એક નિર્વાણ છે.જે સપનામાં આવે અને મૌનમાં બોલે. ચોથું-તલ્લીનતા-તદ્દિલનતા પ્રેમ માર્ગનું નિર્વાણ છે. જ્યાં ભાવ માં ડૂબી જઈએ બેહોશી નહીં પણ બાહોશીમાં.પાંચમું-સપના અને જાગૃતિમાં પણ કોઈ પ્રત્યે રાગ દ્વેષ ન હોય એ નિર્વાણ છે. જગતમાં કામની જરૂર છે,ખોટો અર્થ ન કાઢતા પણ સમ્યક રૂપમાં કામ-ક્રોધ જરૂરી છે કારણ કે એ સંસાર ને વિસ્તરીત કરે છે.પરંતુ ઈર્ષા,નિંદા, દ્વેષ જરૂરી ખરા?તો બેહોશ નહીં પણ બાહોશ ભીતર કોઈ જાગી રહ્યું છે. છઠ્ઠું-મારા માટે મારી પોથી નિર્વાણ છે.મુક્તિ મારી મુઠ્ઠીમાં છે. મોરારીબાપુ નિર્વાણ રામચરિતમાનસ છે. સાતમું- નિર્વાણ માળા છે, અને મારા માટે આઠમું નિર્વાણ મારા ગુરુ સાક્ષાત નિર્વાણ છે. અને સદગુરુ કોણ? તુમ ત્રિભુવનન ગુરુ બેદ બખાના. આજની કથામાં નામ મહિમાનું ગાન કરીને ભર્તૃહરિ-ભરથરી નું થોડું આખ્યાન ભાવથી સંભળાવી અને કથાને વિરામ અપાયો.

### ચીનનો ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળઃ અથડામણમાં ભારતના ૪ અને ચીનના ૨૦ જવાન ઘાયલ

# સિક્કિમના નાકુલમાં ભારત-ચીનના જવાનો વચ્ચે ઘર્ષણ

*ન્યુ દિલ્હી,તા.૨૫*

ભારત અને ચીન આર્મી વચ્ચે સિક્કિમમાં એક સામાન્ય અથડામણના સમાચાર સામે આવી રહ્યા છે. એલએસીને લઈને બંને સેના વચ્ચે અથડામણ ૨૦ જાન્યુઆરીએ સિક્કિમના નાકુલા વિસ્તારમાં થઈ હતી. આ મુદ્દો સ્થાનિક કમાન્ડરોના સ્તરે ઉકેલાઈ ગયો છે. ભારતીય સેના દ્વારા સોમવારે આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે.

પૂર્વીય લદાખમાં લાઇન ઑફ એક્ચુઅલ કંટ્રોલ પર ફરી એકવાર અથડામણ થઇ છે. જણાવવામાં આવી રહ્યું છે કે ચીની સેનાએ ન્છઝની યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કર્યો હતો અને કેટલાક સૈનિકો ભારતીય ક્ષેત્ર તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં. આ દરમિયાન ભારતીય સૈનિકોએ ચીની સૈનિકોને રોકી લીધાં. આ દરમિયાન બંને દેશોના સૈનિકો વચ્ચે અથડામણ થઇ, જેમાં ચાર ભારતીય અને ૨૦ ચીની જવાન ઘાયલ થયા છે. ભારતીય જવાનોનું સાહસ જોઈને પટી ચીની સૈનિકોને ઉભી પૂંછડીએ ભાગવું પડ્યું હતું.

આ સમય દરમ્યાન ભારત અને ચીનના જવાનો વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં ૪ ભારતીય જવાનો અને ૨૦ જવાનો ઘાયલ થયા હતા. જોકે હાલની સ્થિતિ તનાવપૂર્ણ છે. ભારતીય સેનાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ભારતીય ક્ષેત્રની સાથે સાથે પોંઈટ પર હવામાનની સ્થિતિ અત્યંત ખરાબ હોવાના કારણે ચુસ્ત અને સખ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

સિક્કીમની સરહદે ઘૂસણખોરીના પ્રયત્નો તે સમયે થઇ છે, જ્યારે અહેવાલો હતા કે ચીની સેનાના પૂર્વી લદ્દાખથી તેમના ૧૦ હજાર જવાનોને હટાવી લેવામાં આવ્યા છે. ભારત સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ પૂર્વી લદ્દાખ ઉપરાંત સિક્કીમ સહિત અનેક વિસ્તારોથી ચીની સેનાએ તેમની તૈનાતીને ઓછી કરી છે પરંતુ જવાન હજુ પણ અડગ છે. આ કારણે ભારતીય સેનાએ તેમના જવાનોની તૈનાતી વધારી છે.

સેનાએ એક નિવેદનમાં કહ્યું કે આપણને સિક્કિમમાં ભારતીય સૈન્ય અને પીએલએ સૈનિકો વચ્ચેના અથડામણને લગતા ઘણા સવાલો મળ્યા છે. સ્પષ્ટતા કરવામાં આવી છે કે ૨૦ જાન્યુઆરીએ ઉત્તર સિક્કિમના નાકુલા વિસ્તારમાં ચીની સૈનિકો અને ભારતીય સૈનિકો વચ્ચે સામાન્ય અથડામણ થઈ હતી. જેનો નિર્ધારિત પ્રોટોકોલ હેઠળ સ્થાનિક કમાન્ડરના સ્તરે સમાધાન કરવામાં આવ્યો હતો. સેનાએ વધુમાં કહ્યું કે મીડિયાએ ×અતિશયોક્તિપૂર્ણ× અહેવાલો ટાળવા જોઈએ, જે હકીકતમાં ખોટા છે. ઉલ્લેખનીય છે કે ન્છઝ પર છેલ્લા ઘણા મહીનાથી તણાવ જોવા મળી રહ્યો છે. ૧૫ જૂનના રોજ પૂર્વી લદ્દાખના ગલવાન ઘાટીમાં ચીનના સૈનિકો અને ભારત જવાન વચ્ચે અથડામણ જોવા મળી હતી. આ દરમિયાન ૨૦ ભારતીય જવાન શહીદ થયા હતા, જ્યારે ચીનની સેનાના કેટલાક અધિકારી-જવાનનોનું પણ મૃત્યું થયું હતું, પરંતુ ચીનના સૈનિકો આજ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટી કરી નથી.

ભારત-ચીન વચ્ચે ચાલેલી ૯મા રાઉન્ડની વાતચીત પણ અનિર્ણાયક

ભારતીય વિસ્તારમાં ચીની સૈનિકોએ ઘૂસવાનો પ્રયત્ન કરતાં હાલ અહીંનું વાતાવરણ તણાવપૂર્ણ છે. આ તણાવને ઓછો કરવા માટે પૂર્વી લદ્દાખના મોલ્ડોમાં ભારત અને ચીની સૈન્ય અધિકારીઓ વચ્ચે ગઈ કાલે ૯મા તબક્કાની બેઠક થઈ હતી. અંદાજે ૧૫ કલાક બેઠક ચાલી હતી અને તેમાં કોઈ નિર્ણય આવ્યો નહોતો. આ બેઠકમાં ભારતે ન્છઝ પર તણાવ ઓછો કરવાની અપીલ કરી હતી.

## વિચાર વિમર્શ.

**તમારા ઉદેશ અને ધેય ને પાડ પાડવામાં પ્રેરણા દાયક**

**પતિ -પત્ની...... પતિ-પત્ની એકબીજા નાં જીવનસાથી છે બંને એકબીજાના નાં જીવન માં બહુ મહત્વ ધરાવતી વ્યક્તિ છે.બંને સાથે મળી ને સદભાવ,પરિશ્રમ.પરોપકાર,ની સાથે જીવન જીવે છે.અને બંને ના ઉદ્દેશ ને સીધ કરવા હમેશા એકબીજા મદદ કરે છે.અને પ્રોસ્તાહિત કરે છે.**

**પિતા એવી વ્યક્તિ છે કે સંતાન ના ઉદ્દેશ ને સીદ્ધ કરવા માટે હર પલ મદદ કરવા તૈયાર હોય છે.તેની સફળતા માટે તેના આશીર્વાદ સદાય સંતાન સાથે જ હોય છે.**

**પુત્ર ભાઈ મિત્ર એ તમારા ધેય નું અવલોકન કરે છે અને જરૂરી સુચન કરી પ્રોત્સાહિત કરે છે.**

**ઈશ્વર ની મદદ વગર ધેય સિદ્ધ કરવું મુશ્કેલ છે.એના પર નો વિશ્વાસ ધેય પાડ પાડવા માં ખુબ સહાય રૂપ બને છે.**

**ભરત દવે.**




ભારત દેશના ચૂંટણી પંચ ધ્વારા 25 મી જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે . આ વર્ષે " બને સૌ મતદાર - સશક્ત , સજાગ , સુરક્ષિત અને જાગૃત " થીમ આધારિત ઉજવણી કરવામાં આવનાર છે .... પૂર્વ અમદાવાદના નિકોલ વિસ્તારની રામેશ્વર સ્કૂલના સ્ટાફ ધ્વારા લોકતાંત્રિક ચૂંટણી પ્રક્રિયામાં ફરજિયાત મતદાન કરવાના શપથ લેવામાં આવ્યા હતા ....

## રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૧: વિજેતા થયેલા ૩૨ બાળકો સાથે વડાપ્રધાને કર્યો વાર્તાલાપ

ન્યુ દિલ્હી,તા.૨૫

વડાપ્રધાન મોદીએ આજે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'ના વિજેતાઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વાતચીત કરી હતી. આ માહિતી વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ) તરફથી આપવામાં આવી હતી. આપને જણાવી દઈએ કે, શૈક્ષણિક, રમત, કલા, સંસ્કૃતિ, સમાજ સેવા અને બહાદૂરીના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે આ વર્ષે ૩૨ બાળકોને 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી પુરસ્કાર મેળવનારા ૩૨ બાળકોને શુભેચ્છાઓ પાઠવી. તેઓએ કહ્યું કે, બાળકો તમે જે કામ કર્યું છે, આપને જે પુરસ્કાર મળ્યા છે તે એટલા માટે પણ ખાસ છે કે આપે આ કામ કોરોના કાળમાં કર્યું છે. આટલી નાની ઉંમરમાં પણ આપનું આ કામ આશ્ચર્યમાં મૂકનારું છે. આપ પૈકી જ કાલના દેશના ખેલાડી, વૈજ્ઞાનિક, સીઈઓ ભારતનું ગૌરવ વધારશે. નોંધનીય છે કે, આ વીડિયો કોન્ફરન્સમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની પણ જોડાયા હતાં.

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ પુરસ્કાર હેઠળ બાળ શક્તિ એવોર્ડ, રમત, કલા અને સંસ્કૃતિ, સમાજ સેવા, શૈક્ષણિક ક્ષેત્ર અને બહાદુરીના ક્ષેત્રમાં અસાધારણ ક્ષમતાઓ અને ઉત્તમ ઉપલબ્ધિઓ વાળા બાળકોને સન્માનિત કરવામાં આવે છે. વિજેતા બાળકો ૨૧ રાજ્યો અને કેન્દ્રોશાસિત પ્રદેશોના ૩૨ જિલ્લામાંથી હતા. આ બાળકોને શુભકામના આપતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે એક સંદેશમાં જણાવ્યું હતું કે, 'મને આશા છે કે રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૧ ન કેવળ વિજેતાઓને પ્રેરણારૂપ બન્યા પંરતુ અન્ય લાખો બાળકોને પોતાના સ્વપ્નાઓ અને આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે. આવો આપણે બધા આપણા દેશની જીત અને સમૃદ્ધિને એક નવી ઊંચાઈ પર લઈ જવા વ્યક્તિગત પ્રયાસ કરીએ.'

### દિવસના અંતે સેન્સેક્સ ૪૮,૩૪૭ના સ્તરે બંધ

## શેરબજારમાં કડાકોઃ સેન્સેક્સમાં ૫૩૦ પોઈન્ટનો ઘટાડો

*મુંબઇ,તા.૨૫*

આંતરરાષ્ટ્રીય બજારમાંથી મળેલા સંકેતો વચ્ચે લીલા નિશાન ઉપર બજાર ખુલ્યા પછી આજે સપ્તાહના પહેલા દિવસે ઉતાર ચઢાવ બાદ શેર બજાર લાલ નિશાન પર બંધ થયું છે. બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈંડેક્સ સેંસેક્સ ૫૩૦.૯૫ પોઈન્ટ એટલે કે ૧.૦૯ ટકાના ઘટાડા સાથે ૪૮૩૪૭.૫૯ના સ્તરે બંધ થયો હતો. જયારે નેશનલ સ્ટોક એકસચેંજનો નિફ્ટી ૧૩૩ પોઈન્ટના ઘટાડા સાથે ૧૪૨૩૮.૯૦ના સ્તરે બંધ થયો હતો.

બીએસઇ સેન્સેક્સ ગત સપ્તાહે પહેલી વખત ૫૦ હજાર પાર કરીને ઐતિહાસિક સ્તરને પાર કરી. નિષ્ણાતોએ કહ્યું કે હવે તમામની નજર નાણાકિય વર્ષ ૨૦૨૧-૨૨નાં બજેટ પર છે, બજેટથી સેન્સેક્સને આગળની દિશા મળશે, ગત વર્ષે કોરોના




વાયરસ રોગચાળા દરમિયાન તમામ બજારોમાં ઘણી વધ-ઘટ જોવા મળી, બીએસઇનાં ૩૦ શેરોવાળો સેન્સેક્સ એક વર્ષનાં નીચલા સ્તરે ૨૫,૬૩૮.૯ પોઈન્ટ પર આવી ગયો.

આજે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ માર્કેટ કેપિટલની દ્રષ્ટિએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને પછાડીને દેશની સૌથી મુલ્યવાન કંપની બની ગઇ છે, આજે બપોર સુધી ટીસીએસનું માર્કેટ કેપ ૧૨,૪૫,૩૪૧.૪૪ કરોડ રૂપિયા હતું, જયારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટ કેપ ઘટીને ૧૨,૪૨,૫૯૩.૭૮ કરોડ થઇ ગયું, રિલાયન્સનાં પરિણામોથી બજાર નિરાશ થયું છે, જેના પગલે શેરમાં ૫.૫૮ ટકાનો ઘટાડા આવ્યા,અને તે ૧,૯૩૫.૧૫નાં સ્તર પર બંધ થયો.

આજે યુપીએલ, સિપ્લા, એક્સિસ બેંક, ગ્રાસીમ અને હિરો મોટોકોર્પનાં શેર લાલ નિશાન પર બંધ થયા તો રિલાયન્સ, આઇસર મોટર્સ, ટાટા મોટર્સ, એચસીએલ ટેક અને ઇન્ડસઇંડ બેંકનો શેર લાલ નિશાન પર બંધ થયો.

સેક્ટોરિયલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે ફાર્મા, મેટલ, ફાઈનાન્સિયલ સર્વિસીસ અને બેંક સહિતનાં તમામ સેક્ટર્સ લાલ નિશાન પર બંધ રહ્યા, તેમાં ઓટો, આઇ ટી, એફએમસીજી, પીએસયુ બેંક, મિડિયા, પ્રાઇવેટ બેંક અને રિયલ્ટીનો સમાવેશ થાય છે.

બીએસઈ સેન્સેક્સ ગયા સપ્તાહે પહેલી વખત ૫૦,૦૦૦નો ઐતિહાસીક સ્તર પર પહોંચ્યો હતો. વિશ્લેષકોએ કહ્યું હતું કે, હવે દરેકની નજર વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટ ઉપર છે. બજેટ દ્વારા સેંસેક્સની આગળની યાત્રાને નવી દિશા મળશે. ગયા વર્ષે કોરોના મહામારીના પગલે બજારમાં મોટો ઉતાર ચઢાવ જોવા મળ્યો હતો. બીએસઈ (મ્જીઈ)ના ૩૦ શેર વાળા સેન્સેકસ ૨૪ માર્ચે એક વર્ષના નિચલા સ્તરે ૨૫,૬૩૮.૯ પોઈન્ટ ઉપર પહોંચ્યો હતો.

## દિલ્હીનું ખેડૂત આંદોલનઃ ગુજરાતના ગામડાઓમાં સભાઓ શરૂ

મોરબી,તા.૨૫

દિલ્હીમાં ગત ૬૧ દિવસથી ખેડૂતો નવા કૃષિ કાયદાને પરત ખેંચવાની માંગ સાથે આંદોલન કરી રહ્યા છે. જેમા દેશના કેટલાક રાજ્યોના ખેડૂતો પણ સામેલ છે ત્યારે દિલ્હીમાં ચાલતું ખેડૂત આંદોલન હવે ગુજરાતના ગામડાંઓ સુધી પહોંચી રહ્યું છે અને હરિયાણાના ખેડૂત આગેવાનો ગુજરાતના ગામડાઓમાં ત્રણ કૃષિ કાયદા વિરુદ્ધ સમજાવટ આપી રહ્યા છે જેમા તેઓ કઈ રીતે ખેડૂતોને નુકસાન છે તે અંગે માર્ગદર્શન આપી રહ્યા છે.

દિલ્હીમાં ચાલતું ખેડૂતોનું આંદોલન હવે ગુજરાતના ગામડાઓમાં પહોંચ્યું છે. દિલ્હીમાં આંદોલન ચલાવી રહેલા આગેવાનોમાંથી હરિયાણાના ખેડૂત અગ્રણી જૂનાગઢના વિસાવદર પંથકમાં ખેડૂતોને સંબોધન કરી રહ્યા છે. ગુજરાત સરકાર દાવા કરે છે કે ગુજરાતમાં આંદોલનની કોઈ અસર નથી પરંતુ ખેડૂતોમાં ભારોભાર રોષ હોવાનું દિલ્હીથી આવેલ હરિયાણાના ખેડૂત આગેવાન પ્રમોદ સાંગવાન જણાવ્યું છે. તેમના અનુસાર, ગુજરાતના ખેડૂતોનો આંદોલન માટેનો હરિયાણા અને પંજાબ કરતાં અલગ મિજાજ છે પણ ગુજરાતના ખેડૂતોમાં રોષ હકીકત એ હોવાનો દાવો કર્યો છે.

દિલ્હી આંદોલનની અસર હવે વિસાવદર પંથકમાં જોવા મળી છે. જેમાં વિસાવદરનાં ગામડાઓમાં ખેડૂતોને સંબોધન કરવા માટે અને આંદોલનની માહિતી તથા દિલ્હીમાં કેવું આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે.

શા માટે આંદોલન કરવામાં આવી રહ્યું છે? તેની જાણકારી ગુજરાતના ખેડૂતોને મળે તે માટે વિસાવદરના ગામડાઓમાં ખેડૂત સભા થઈ રહી છે. અને દિલ્હીના આંદોલનકર્તાઓને સાંભળી ખેડૂતોમાં સરકાર પ્રત્યે ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. આ તમામ સભાઓમાં ધારાસભ્ય હર્ષદ રિબડીયા પણ સાથે રહ્યા છે અને ખેડૂતોને સમજાવી રહ્યા છે.

## પ્રજાસત્તાક દિનઃ દેશની આઝાદી માટે આ ૭ મહિલાઓએ છોડ્યું હતું ઘર

અમદાવાદ,તા.૨૫

દેશની આઝાદી પ્રાપ્ત કરે લગભગ સાત દશક પસાર થઈ ગયા છે અને આજે પણ સ્વતંત્રતા સેનાનીઓ માટે દરેક દેશવાસીના દિલમાં સન્માન અને ગર્વની ભાવના છે. આપણે દર વર્ષે ગણતંત્ર દિવસ અને સ્વતંત્રતા દિવસના અવસરે આ સેનાનીઓને યાદ કરીએ છીએ એન આઝાદ જીવન માટે તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. દેશની આઝાદીમાં જેટલું યોગદાન પુરુષોનું છે તેટલું જ યોગદાન મહિલાઓનું પણ છે. આવો, તે મહિલા સ્વતંત્રતા સેનાનીઓ વિશે વાત કરીએ જેઓએ આઝાદીની લડતને સફળ બનાવવા માટે અનેક ત્યાગ આપ્યા અને આ લડાઈમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

ઝાંસીની રાણી - ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ વિશે કોણે નહીં સાંભળ્યું હોય! તેમની બહાદુરી ભરેલા કારનામાથી તો અંગ્રેજોને પણ પરસેવો છુટી ગયો હતો. ઝાંસીની રાણીએ વર્ષ ૧૮૫૭ના વિદ્રોહમાં મુખ્ય સેનાનીના રૂપમાં ભાગ લીધો હતો.

આપણે આજે તેમની બહાદુરીના કારણે યાદ કરીએ છીએ. બેગમ હજરત મહલ - વર્ષ ૧૮૫૭ના વિદ્રોહમાં બેગમ હજરત મહલનું નામ સ્વર્ણ અક્ષરોમાં લખાશે. તેઓ પહેલી મહિલા સ્વતંત્રતા સેનાની હતી જેઓએ અંગ્રેજોના શોષણની વિરુદ્ધ દેશના દરેક ગામને એક કરવાની જવાબદારી ઉઠાવછી હતી. તેઓએ અંગ્રેજોનો સામનો કર્યો અને લખનઉ પર કબજો કર્યો. તેઓએ જ પોતાના દીકરાને અવધના રાજા પણ ઘોષિત કર્યો.

બાદમાં અંગ્રેજોએ તેમને બળજબરીથી નેપાળ મોકલી દીધા. સરોજિની નાયડૂ- સરોજિની નાયડૂ ચોક્કસપણે આજની મહિલાઓ માટે રોલ મોડલ છે. જે જમાનામાં મહિલાઓને ઘરથી બહાર જવા સુધીની આઝાદી નહોતો, સરોજિની નાયડૂ દેશને આઝાદ કરવાના લક્ષ્ય સાથે દિવસ-રાત મહિલાઓને જાગૃત કરી રહ્યા હતાં. સરોજિની નાયડૂ તે મહિલાઓ પૈકી એક હતા જેઓ બાદમાં આઈએનસીની પહેલી પ્રેસિડન્ટ બની અને ઉત્તર પ્રદેશની ગર્વનરના પદે પણ રહી. તેઓ એક કવયિત્રી પણ હતાં.

સાવિત્રિબાઇ ફુલે - મહિલાઓને શિક્ષિત કરવાના મહત્ત્વને લોકોમાં ફેલાવવાની તેઓએ જવાબદારી ઉઠાવી હતી. તેઓએ જ કહ્યું હતું કે જો તમે કોઈ છોકરાને શિક્ષિત કરો છો તો તમે માત્ર એક વ્યક્તિને શિક્ષિત કરી રહ્યા છો, પરંતુ જો તમે એક છોકરીને શિક્ષણ આપો છો તો સમગ્ર પરિવારને શિક્ષિત કરી રહ્યા છો. તેઓએ પોતાના સમયમાં મહિલા ઉત્પીડનના અનેક પાસાઓ જોયા હતા અને દીકરીઓને શિક્ષણના અધિકારથી વંચિત થતી જોઈ હતી. એવામાં તમામ વિરોધ સહન કરી અને અપમાનિત થવા છતાં તેઓએ છોકરીઓને મુખ્ય ધારામાં લાવવા માટે આધારભૂત શિક્ષણ પ્રદાન કરવાની જવાબદારી ઉઠાવી હતી.

વિજયલક્ષ્મી પંડિત - જવાહરલાલ નહેરુની બહેન વિજયલક્ષ્મી પણ દેશના વિકાસ માટે તમામ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લેતી હતી. તેઓએ અનેક વર્ષો સુધી દેશની સેવા કરી અને બાદમાં સંયુક્ત રાષ્ટ્ર જનરલ એસેમ્બલીની પહેલી મહિલા પ્રેસિડન્ટ પણ બની. તેઓ ડિપ્લોમેટ, રાજનેતા ઉપરાંત લેખિકા પણ હતા.

અરૂણા આસફ અલી - અરૂણા આસફ અલી તે સમયમાં કૉંગ્રેસ પાર્ટીની સક્રિય સભ્ય રહી અને દેશની આઝાદી માટે ખભાથી ખભા મિલાવીને સ્વતંત્રતા સંગ્રામમાં હિસ્સો લીધો. કેદ કરાતાં તેમને તિહાડ જેલના રાજકીય કેદીઓના અધિકારોની લડાઈ પણ લડી. જેલમાં રહીને તેઓએ કેદીઓના હિત માટે ભૂખ હડતાલ પણ કરી. તેના માટે તેમને આકરી સજાનો સામનો કરવો પડ્યો હતો.

ભીકાજી કામા - ભીકાજી કામાને ભારતીય સ્વતંત્રતા સંઘર્ષના ઈતિહાસમાં સૌથી બહાદુર મહિલાના રૂપમાં પણ યાદ રાખવામાં આવે છે. લિંગ સમાનતા માટે પણ તેઓએ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ પર હિસ્સો લીધો. તેઓ ભારતીય હોમ રૂલ સોસાયટી સ્થાપિત કરનારાઓ પૈકી એક રહી. તેઓએ અનેક ક્રાંતિકારી સાહિત્ય લખ્યું.

## રાજ્યપાસે કંગનાને મળવાનો સમય છે ખેડૂતોને નહિઃ પવારના પ્રહાર

મુંબઇ,તા.૨૫

કૃષિ કાનૂનો સામે દિલ્હીની સીમાઓ પર પ્રદર્શન કરી રહેલાં ખેડૂતોનું આંદોલન હવે સમગ્ર દેશમાં ફેલાતું જઈ રહ્યું છે. દિલ્હી બાદ હવે મહારાષ્ટ્રમાં ખેડૂતોનું આંદોલન આઝાદ મેદાનમાં શરૂ થયું હતું. પૂર્વ કેન્દ્રીય મંત્રી એનસીપી પ્રમુખ શરદ પવાર સહિત અન્ય મહારાષ્ટ્રના નેતા પણ આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. ખેડૂતો વચ્ચે પહોંચેલા શરદ પવારે પીએમ નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી પર પ્રહાર કર્યાં હતા.

એનસીબી ચીફ શરદ પવારે કહ્યું કે, આજે દેશભરમાં શાંતિપૂર્ણ રીતે ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે. શરદ પવારે કહ્યું કે રાજ્યપાલની પાસે કંગના રનૌતને મળવાનો સમય છે. પણ આંદોલન કરી રહેલાં ખેડૂતોને મળવાનો સમય નથી. મહારાષ્ટ્રે આવા ગવર્નર ક્યારેય જોયા નથી. આ ગવર્નરની નૈતિક જવાબદારી બને છે કે તે અહીં આવે અને તમને મળે.

આ ઉપરાં શરદ પવારે પીએમ નરેન્દ્ર મોદી ઉપર પણ નિશાન સાધ્યું હતું. અને કહ્યું કે, આ ઠંડીના મોસમમાં પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ખેડૂતો છેલ્લા ૬૦ દિવસોથી આંદોલન કરી રહ્યા છે. શું વડા પ્રધાને આ અંગે જાણકારી લીધી? શું આ ખેડૂતો પાકિસ્તાનના રહેવાસી છે?

## લાલુ પ્રસાદ યાદવની દિકરીએ રાષ્ટ્રપતિને પત્ર લખી પિતાને મુક્ત કરવા માંગ કરી

*ન્યુ દિલ્હી,તા.૨૫*

આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવની દીકરીએ પિતાની મુક્તિ માટે મોરચો ખોલી દીધો છે. તેઓએ રાષ્ટ્રપતિને પત્ર લખીને પિતાની મુક્તિની માગ કરી છે. એટલું જ નહીં પિતાની મુક્તિ માટે તેઓએ એક આંદોલન ઉભું કરવાની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેજ પ્રતાપ યાદવે પણ આ મામલે એક પત્ર ટ્વીટર પર શેર કર્યો હતો. લાલુ યાદવની દીકરી રોહિણી આચાર્યએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પાસે લાલુ યાદવની મુક્તિની માગ કરી છે. આ માટે રોહિણીએ એક પત્ર પણ લખ્યો છે. જેને તેઓએ ટ્વીટર પર શેર કર્યો હતો. પત્રમાં લખ્યું છે કે, દેશના મહામહિમ રાષ્ટ્રપતિને એક પત્ર આઝાદી પત્ર ગરીબોના ભગવાન આદરણીય શ્રી લાલુ પ્રસાદ યાદવ માટે. આ મુહિમ સાથે જોડાઓ અને પોતાના નેતાની આઝાદી માટે અપીલ કરો. જેમણે આપણને તાકાત આપી, આજે સમય તેમની તાકાત બનવાનો. અમે અને તમે મોટા સાહેબની તાકાત છે. રોહિણીએ આ ટ્વીટમાં અપીલ કરી છે કે લાલુને ચાહનાર પટના ઈત્નઢ ઓફિસમાં ૩ વાગ્યે પહોંચો અને લાલુ યાદવની મુક્તિ માટે અપીલ કરે. રોહિણીના આ ટ્વીટને લાલુના મોટા પુત્ર તેજપ્રતાપ યાદવે પણ રિટ્વીટ કર્યો છે અને લખ્યું છે કે ગરીબોના મસીહા આદરણીય શ્રી લાલુ પ્રસાદ યાદવ માટે આઝાદી પત્રને મહામહિમ રાષ્ટ્રપતિ સુધી પહોંચાડો.

## દેશમા ૧૬ લાખથી વધુ લોકોએ કોરોનાની રસી મૂકાવીઃ સ્વાસ્થ્ય મંત્રાલય

*ન્યુ દિલ્હી,તા.૨૫*

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયનાં જણાવ્યા પ્રમાણે, દેશમાં કોવિડ વેક્સિનેશનનું અભિયાન શરૂ થયા પછી અત્યાર સુધી કુલ ૧૬ લાખ લોકો રસી લઈ ચુક્યાં છે. એક અંદાઝ પ્રમાણે ભારતે વેક્સિનેશનમાં અમેરિકા અને બ્રિટનને પણ પાછળ છોડી દીધા છે. દેશમાં છેલ્લા ૬ દિવસોમાં ૧૦ લાખ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે.

મંત્રાલય અનુસાર, દેશમાં વેક્સિનેશન અભિયાન શરૂ થયા બાદથી અત્યાર સુધીમાં કુલ ૧૬ લાખ લોકો રસી લઈ ચુક્યાં છે. બ્રિટનને ૧૦ લાખનો આંકડો પાર કરવામાં ૧૮ દિવસ અને અમેરિકાને ૧૦ દિવસનો સમય લાગ્યો હતો. જ્યારે ભારતમાં ૨૪મી જાન્યુઆરીએ સવારનાં ૮ વાગ્યા સુધીમાં ૧૬ લાખ (૧૫,૮૨,૨૦૧) લાભાર્થીઓએ રસી લગાવી હતી. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં યોજાયેલા કુલ ૩,૫૧૨ સેશનમાં ૨ લાખ(૧,૯૧,૬૦૯) લોકોને રસી આપવામાં આવી હતી. અત્યાર સુધી ૨૭,૯૨૦ સેશનનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે, દેશમાં કોરોના સંક્રમિતોને શોધવા માટે 'કોન્ટેક્ટ ટ્રેસિંગ'ની વ્યૂહરચના સફળ રહી અને દેશમાં નવા કેસોમાં સતત ઘટાડાની સાથે સાથે સારવાર મેળવી રહેલા દર્દીઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર ઘટાડો નોંધાયો છે. દેશમાં હાલમાં ૧,૮૪,૪૦૮ દર્દીઓની સારવાર ચાલી રહી છે. જે કુલ કેસોનાં માત્ર ૧.૭૩ ટકા છે.

## ટીસીએ દુનિયાની સૌથી વધારે વેલ્યૂવાળી સોફ્ટવેર કંપની બની

મુંબઈ,તા.૨૫

ટાટા ગ્રુપની ફ્લેગશિપ ફર્મ ટાટા કંસલ્ટન્સી સર્વિસ દુનિયાની સૌથી વધારે વેલ્યૂવાળી સૉફ્ટવેર કંપની બની ગઈ છે. ટીસીએસએ સોમવારના છજ્રઝ્રીહેંીને પછાડીને આ સ્થાન મેળવ્યું છે. ટીસીએસની માર્કેટ કેપ ૧૬૯.૯ અબજ ડૉલર (લગભગ ૧૨,૪૩,૫૪૦.૨૯ કરોડ રૂપિયા)ને પાર કરી ગઈ છે. ગત વર્ષે ઑક્ટોબરમાં પણ એક આવી તક આવી, જ્યારે ભારતની આ દિગ્ગજ આઈટી કંપનીએ એક્સેંચરને સૌથી વધારે માર્કેટ કેપવાળી સૉફ્ટવેર કંપનીના મામલે પાછળ છોડી દીધી.

ઈન્ડસ્ટ્રી બાદ ભારતમાં ૧૨ લાખથી વધારે માર્કેટ કેપનો રેકૉર્ડ બનાવનારી કંપનીનો રેકૉર્ડ પણ ટીસીએસના નામે છે. વર્ષ ૨૦૧૮માં આઈબીએમ આ માર્કેટમાં ટોચની કંપની હતી. આ દરમિયાન આઈબીએમનું કુલ રેવેન્યૂ ટીસીએસની તુલનામાં લગભગ ૩૦૦ ટકા વધારે હતુ. ત્યારબાદ બીજા સ્થાન પર એક્સેંચરનું નામ હતુ. જો કે ગત વર્ષે એપ્રિલમાં ટીસીએસનું માર્કેટ ૧૦૦ અબજ ડૉલર પાર પહોંચ્યું હતુ. ૦૮ જાન્યુઆરી ૨૦૧૧ના ટીસીએસએ પોતાના ત્રીજા ત્રિમાસિકગાળાના આંકડાઓ જાહેર કર્યા હતા. ત્રીજા ત્રિમાસિકગાળામાં કંપનીનું પ્રદર્શન ઘણું જ શાનદાર રહ્યું હતુ.

ત્યારબાદથી જ આ શેયરોમાં તેજી આવેલી છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ના સમાપ્ત આ ત્રિમાસિગાળામાં કંપનીનો કંસોલિડેટેડ નફો ૮,૭૧૦ કરોડ રૂપિયા હતો, જેના ૮૫૧૫ કરોડ રૂપિયા રહેવાનું અનુમાન હતુ. ગત ત્રિમાસિકગાળામાં કંપનીનો કંસોલિડેટેડ નફો ૮,૪૩૩ કરોડ રૂપિયા હતો. ત્રીજા ત્રિમાસિકગાળામાં કંપનીના નફામાં ત્રિમાસિક આધાર પર ૧૬.૪ ટકા અને વાર્ષિક આધાર પર ૭.૧ ટકાનો વધારો જોવા મળ્યો છે. આ જ રીતે ત્રીજા ત્રિમાસિકગાળામાં કંપનીની આવકમાં ત્રિમાસિકના આધાર પર ૪.૭ ટકાનો વધારો થયો છે, જ્યારે વાર્ષિક આધાર પર કંપનીની આવકમાં ૫.૫ ટકાનો વધારો થયો છે.

### અરવલ્લી :ચૂંટણી પહેલા 'પંજા'માં ગાબડા પડવાનું શરૂ

# બાયડ શહેર કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ (દિનુ ભાઈ) કેસરીયો ખેસ પહેરી લીધો



અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખ જાહેર થતા જ અરવલ્લી જીલ્લામાં માં રાજકારણ ગરમાઈ ગયું છે.ચૂંટણીઓ પહેલા આયા રામ ગયા રામની મોસમ પણ પુર બહાર ખીલતી હોય છે ત્યારે અરવલ્લી જીલ્લામાં ભાજપે કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડી બાયડ શહેર કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ (દિનુ ભાઈ)ને કેસરિયા ખેસ પહેરાવતા જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલ હર્ષદભાઈ (દિનુમામા) એ સ્થાનીક નેતૃત્વથી નારાજ હોવાનો રાગ આલાપ્યો હતો

બાયડ શહેર કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ પટેલે જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ ,જીલ્લા ચૂંટણી પ્રભારી રાજેશ પાઠક બાયડ શહેર પ્રમુખ સ્નેહલ પટેલની ઉપસ્થિતીમાં ભાજપમાં જોડાઈ ગયા છે. અરવલ્લી જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત થતાં જ હવે કોંગ્રેસમાં ગાબડા પડવાની શરૂઆત થઈ ગઈ છે.કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ જે રીતે કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપ સાથે હાથ મિલાવતા કોંગ્રેસને ચૂંટણીની ઠીક પહેલા જ જબરદસ્ત ફટકો પડ્યો છે. ત્યારે ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ગાબડા પડતા આગામી ચૂંટણીમાં રસાકસી ભર્યો માહોલ ઉભો થવાની શક્યતા છે

# પાલનપુર મુકામે કલેકટરશ્રી આનંદ પટેલની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વનું રિહર્સલ કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આવતીકાલ તા. ૨૬મી જાન્યુરઆરી-૨૦૨૧, ૭૨ માં પ્રજાસત્તાક પર્વ પ્રસંગે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ પાલનપુર મુકામે આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. બનાસકાંઠા જિલ્લાદ વહીવટીતંત્ર દ્વારા આ સ્થપળે ધ્વજવંદનને લગતી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. આજે સવારે-૯.૦૦ કલાકે કલેકટરશ્રી આનંદ પટેલ અને જિલ્લાના અધિકારીશ્રીઓની ઉપસ્થિઆતિમાં કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવ્યુંક હતું. રિહર્સલ દરમિયાન ધ્વશજવંદન, પોલીસ પરેડ, હર્ષધ્વની સહિત તમામ વ્યરવસ્થાઓનું રિહર્સલ જોઈને કલેકટરશ્રીએ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચના આપી વધુ સારી રીતે કાર્યક્રમ કરવા પ્રોત્સાજહન પણ પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે પાલનપુર પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર. કે. પટેલ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી એસ. જે. ચાવડા સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિ ત રહ્યાં હતાં.

### રાજપીપળા નગરપાલિકામાં પુરુષ મતદારો કરતા સ્ત્રી મતદારોની સંખ્યા વધુ

# રાજપીપળા નગરપાલિકાના ૭ વોર્ડ માટે ૨૮ બેઠકો માટે કુલ ૨૮૭૭૧ મતદારો મતદાન કરશે




રાજપીપલા તા ૨૫

રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીનું જાહેરનામું બહાર પડી ગયું છે. ૨૮મી ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણી માટે આજરોજ રાજપીપળા ખાતે જિલ્લા કલેકટર નર્મદાનાડી એ શાહ દ્વારા બોલાવેલી પત્રકાર પરિષદમાં રાજપીપળા નગરપાલિકાની મતદાનમથકો અને કૂલ મતદારોની માહિતી આપી હતી. જેમાં નગરપાલિકાની ચૂંટણીમાં સાત વોર્ડમાં ૨૮ બેઠકો માટે મતદાન થવાનું છે .જે માટે ૩૭ મતદાન મથકો તૈનાત કરવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં કુલ મતદારો ૨૮૮૭૧ મતદારો છે. એમાં ૧૪૧૬૮ પુરુષ મતદારો અને ૧૪૭૦૩ સ્ત્રી મતદારો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીમાં પુરુષ મતદારો કરતાસ્ત્રી મતદારોની સંખ્યાપ૩પજેટલી વધુ.છે.આ વખતે ૫૦ ટકા બેઠકો સ્ત્રીઉમેદવારો માટે અનામત છે . એટલે કે નગરપાલિકાની ૨૮ બેઠકો પૈકી૧૪ બેઠકો સ્ત્રીઓ આ માટે અનામત રાખવામાં આવી છે.આમ હવે આગામી દિવસોમા રાજપીપળા નગરપાલિકામાં મહિલા ઓનુંરાજ આવશેએ નિશ્ચિત છે.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

### પ્રધાનમંત્રી આવાસયોજનામાં કાણા !

# માણાવદરના લાભાર્થીઓ સહાયથી વંચિત રહેતા ભારે મુશ્કેલીમાં મુકાયાઃ કોંગ્રેસની સરકારમાં રજૂઆત

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં - માણાવદર નગરપાલિકા નીચે પ્રધાનમંત્રી આવાસયોજના ચાલી રહી છે. સરકારનું લક્ષ્ય છે કે દરેકને પોતાનું ઘર મળે પરંતુ ત્રણ ત્રણ વર્ષ પછી ઘણાને હજુ સુધી આ યોજનાનો લાભ મળ્યો નથી. કેટલાકને તો કાચા- પાકા મકાન બનાવવા યોજના હેઠળ કામનો હુક્મ પણ સરકારી બાબુએ નથી આપ્યો

આ પ્રશ્ર્નની જાત ચકાસણી કરી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ના માણાવદર તાલુકાના પ્રમુખ અરવિંદભાઇ લાડાણી એ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી તથા શહેરી વિકાસ મંત્રીને એક આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કાચાં પાકાં મકાનો બાંધવા માટે લાભાર્થીઓને હજી સુધી પૂરતી સહાય મળી નથી આ યોજનામાં પાંચ હપ્તે નાંણા ચુકવવાના હોય છે. તો ઘણા કિસ્સામાં માત્ર બે જ હપ્તા ચુકવાયા છે. લાડાણી એ વધુમાં જણાવેલ છે કે ગરીબ માણસ પોતાનું કાચું મકાન પાડીને નવું બનાવવા જાય ત્યારે તેણે ભાડાના મકાનમાં રહેવા જવું પડે છે. ત્યારે બે બે વર્ષ સુધી બાંધકામ સહાય ન મળે તો મકાન કેટલાં વર્ષે બંને ? બે વર્ષ સુધી ભાડા ભરીને ગરીબ માણસ થાકી જાય ને યોજનાનો લાભ ભાડામાં જ ચાલ્યો જાય. ગામડાઓની પણ આવી જ દશા છે ત્રણ ત્રણ વર્ષ સુધી હજી ગામડાંઓને કામનો ઓર્ડર મળેલ નથી આ યોજના જશ લેવાની છે કે લોકોને લાભ મળે તેની છે ? એવો પ્રશ્ન કોંગ્રેસે ઉઠાવી. વેળાસર સહાય છુટી કરવા માગણી કરી છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# રાજ્યના ૧૯ પોલીસકર્મીઓને મેડલ અને બે જવાનને પ્રેસિડેન્ટલ પોલીસ મેડલ અપાશે



**ગાંધીનગર,તા.૨૫**

કેન્દ્ર સરકાર દ્વારા ઉત્કૃષ્ટ અને પ્રસંશનીય કામગીરી કરવા બદલ પ્રજાસત્તાક પર્વ પર ગુજરાતના ૧૯ પોલીસ અધિકારી જવાનોને મેડલ એનાયત થનાર છે. જેનું હાલ લિસ્ટ સામે આવી ચૂક્યું છે. બે જવાનોને પ્રેસિડેન્ટલ પોલીસ મેડલ તો ૧૭ જવાનોને પોલીસ મેડલ એનાયત થશે. પ્રેસિડેન્ટલ પોલીસ મેડલમાં જેમના નામ છે તેમાં બિંદેશ શાહ પીઆઈ, અમદાવાદ અને કુમાર રાય જગદીશરાય ચંદ્ર વાયરલેસ પીઆઈ કમિશનર ઓફિસ અમદાવાદનો સમાવેશ થાય છે.

જયારે પોલીસ મેડલમાં અર્ચના શિવહરે, જે આર મોથાલીયા બે આઈપીએસ અધિકારીનો સમાવેશ થાય છે.

આઈજી ડૉ.અર્ચના શિવહરે, આઈજી જે. આર. મોથલીયા, ડીવાયએસપી રમેશ કે પટેલ, એસીપી આર.આર. સરવૈયા, ડીવાયએસપી ભરત માળી, આર્મ્ડ ડીવાયએસપી વિક્રમ ઉલવા, ડીવાયએસપી રાજેશ બારડ, ડીવાયએસપી કિરણ પટેલ, વાયરલેસ પીઆઈ કુમોદચંદ્ર પટેલ, પીઆઈ હિતેન્દ્રસિંહ ગઢવી, એએસઆઈ જીતેન્દ્ર પટેલ, એએસઆઈ બળવંત ગોહેલ, એએસઆઈ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ હિમંતસિંગ બામણીયા, હેડ કોન્સ્ટેબલ યોગેન્દ્રસિંહ કોસાડા, એએસઆઈ કિરીટ જયસ્વાલ અને પોલીસ કોન્સ્ટેબલ નારણભાઈ પંપાણીયાનો સમાવેશ થાય છે.

### બુટલેગરોએ શાકભાજીની આડમાં દારૂની હેરાફેરી શરૂ કરી

# શામળાજી પોલીસે પીકઅપ ડાલામાંથી ફ્લાવરની આડમાં ૧.૧૮ લાખનો દારૂ ઝડપ્યો




અરવલ્લી બ્યુરો મોડાસા

ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી હોવા છતાં સરકારની દારૂ પાબંદીની પોકળ વાતો વચ્ચે ખુલ્લેઆમ દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી અવનવા પ્રકારે વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવે છે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે બુટલેગરો સામે લાલ આંખ કરતા જીલ્લા પોલીસતંત્રને જીલ્લામાં પ્રોહિબિશનની કામગીરી માટે શખ્ત આદેશ આપતા હાલ પોલીસની કામગીરી જોઈને બુટલેગરો પણ સચેત બન્યા છે.શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી રાજસ્થાન તરફથી પીકઅપ ડાલામાં ફ્લાવરની આડમાં ઘુસાડાતો ૧.૧૮ લાખનો દારૂ ઝડપી પાડી દારુની ખેપ નિષ્ફળ બનાવી હતી પોલીસ નાકાબંધી જોઈ ફરાર પીકઅપ ડાલાના ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી ચક્રો ગતિમાંન કર્યા હતા સોમવારે સવારે શામળાજી પીએસઆઇ અનંત દેસાઈ અને તેમની ટીમે અણસોલ ગામની સીમમાં વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા રતનપુર ચેકપોસ્ટ બાજુથી પીકઅપ ડાલામાં શાકભાજીની આડમાં વિદેશી દારૂ ભરી આવી રહેલ પીકઅપ ડાલાનો ચાલક પોલીસ ચેકીંગ જોઈ ગભરાઈ જતા રોડ પર પીકઅપ ડાલું મૂકી રોડની બાજુમાં રહેલા જંગલમાં ફરાર થઇ જતા પોલીસે બિનવારસી પીકઅપ ડાલાની તલાસી લેતા ફુલાવરની પ્લાસ્ટીક થેલીઓની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૩૯૬ કીં.રૂ.૧૧૮૮૦૦/- નો જથ્થો જપ્ત કરી પીકઅપ ડાલાની કીં.રૂ.૪ લાખ મળી કુલ.રૂ.૫૧૮૮૦૦/- લાખનો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા પીકઅપ ડાલાના ચાલક વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી ફરાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા

# ઘઉં વેચાણ કરવા આવેલ ખેડૂતને યાર્ડના કર્મચારીઓએ કુમકુમ તીલક કરી આવકાર્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ખેડૂતોએ મોટા પ્રમાણમાં ઘઉંનું વાવેતર કર્યું છે જીલ્લાના માર્કેટયાર્ડમાં ઘઉંની આવક મહત્તમ હોળી-ધુળેટી પછી થતી હોય છે ત્યારે મોડાસા માર્કેટયાર્ડમાં નવા ઘઉંની આવક શરૂ થતા માર્કેટયાર્ડ અને વેપારીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો મોડાસા માર્કેટયાર્ડમાં ચાલુ સીઝનના સૌપ્રથમ નવા પકવેલ ઘઉં લઇ ખેડૂત પહોંચતા માર્કેટયાર્ડના કર્મચારીઓએ ખેડૂતનું કુમકુમ તીલકથી આવકારી ઘઉંની હરાજી કરતા ૪૨૭ રૂપિયા પ્રતી મણ ભાવ પડતા ખેડૂતના ચહેરા પર ખુશી જોવા મળી હતી બીજીબાજુ સીઝનની હરાજીના પ્રથમ ઘઉં ખરીદનાર વેપારી પણ ઉત્સાહીત બન્યો હતો .

ઉત્તર ગુજરાતમાં સૌથી પહેલા નવી સિઝનનાં ઘઉં મોડાસા માર્કેટયાર્ડમાં ખેડૂત લઇ પહોંચતા ઘઉંનો નવો પાક વહેલા આવ્યાં હોવાથી બધાને ઉત્સુકતા જાગી હતી.માર્કેટયાર્ડમાં નવા ઘઉં સાથે પહોંચેલા ખેડૂત ભરતભાઈ ડામોરને માર્કેટયાર્ડના કર્મચારીઓએ કુમકુમ તીલક કરી આવકાર આપ્યો હતો અને ઘઉંની ખરીદી ના શ્રી ગણેશ કર્યા હતા હરાજીમાં વેપારીઓએ નવા ઘઉં ખરીદવા ભારે ઉત્સાહ બતાવ્યો હતો હરાજીમાં પ્રતિ મણ ૪૨૭ રૂ.બોલી લગાવી ગુલામ ભાઈ નામના વેપારીએ સીઝનના પ્રથમ ઘઉં ખરીદતા ખેડૂત અને વેપારીમાં ખુશી છવાઈ હતી ખેડૂતોને ઘઉંના ભાવ વધુ મળે અને ખેડૂતોને ઘઉં વેચાણ અર્થે કોઈ તકલીફ ન પડે તે માટે મોડાસા માર્કેટયાર્ડમાં યોગ્ય વ્યવસ્થા ગોઠવી હોવાનું જણાવ્યું હતું

### "ગણતંત્ર દિવસે કોરોના વોરિયર્સ નો આભાર સન્માન "

# શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કોરોના વોરિયર્સ નું અનોખુ સન્માન "

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજી , ભાટ માં ૨૬ મી જાન્યુઆરી ૭૨ માં ગણતંત્ર દિવસ ની ઉજવણી નિમિતે એક ખાસ આયોજન કરવામાં આવ્યું છે .વર્ષ ૨૦૨૦ જેને કોરોના વર્ષ તરીકે ઓળખવામાં આવે છે જે વર્ષ માં દુનિયા ના દરેક દેશે કોરોના મહામારી નો સામનો કર્યો છે ,વર્ષ ૨૦૨૧ ની શરૂઆત માં કોરોના વેક્સિન આવવા થી દરેક દેશ ના નાગરિકો એ રાહત અનુભવી છે .દુનિયા ના દરેક દેશ ની તુલના માં ભારત માં કોરોના મહામારી ને કારણે થયેલ મૃત્યુ દર ખૂબ જ ઓછો જોવા મળેલ છે અને વસ્તી ની ટકાવારી મુજબ કોરોના મહામારી ખૂબ જ ઓછી ફેલાઈ છે જેમાં સરકાર નું સમગ્ર તંત્ર ,પ્રસાધન અને આરોગ્ય વિભાગ સાથે જોડાયેલા દરેક વ્યક્તિ આભારી છે જેને આપડે કોરોના વોરિયર તરીકે ઓળખીએ છીયે .દર વર્ષે આપણે સૈનિક અને વૈજ્ઞાનિકો ને સન્માનીત કરીયે છીયે પરંતુ આ વર્ષે ગણતંત્ર દિવસ ની ઉજવણી નિમિતે શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજી , ભાટ ધ્વારા દરેક ભારતીયો ના આરોગ્ય ની જવાબદારી જેના શિરે છે તેવા ફ્રંટ લાઇન કોરોના વોરિયર એટ્લે કે સરકારી હોસ્પિટલ માં કોરોના વોર્ડ માં જેને કામગીરી કરેલ છે તેવા ડોકટર ,નર્સ, વોર્ડ સ્ટાફ , એમ્બ્યુલન્સ ના ડ્રાઇવર , સ્વીપર અને હાલ માં મંગલકારી વેક્સિન નો પ્રારંભ કરાવેલ છે તે સ્ટાફ અને લોકડાઉન માં નાગરિકો ની સેવા કરનાર પોલિસ વિભાગ ના અધિકારી ઑ આં સર્વે ને આજ ના દિવસે આભારી કરવા તેમજ કૃતાર્થ કરવા તેમજ સંસ્થા ના દરેક વિધ્યાર્થી અને સ્ટાફ દ્વારા તેઓનું આભાર સન્માન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે .આ દિવસે સંસ્થા ના પટાંગણ માં શ્રીમતી અવંતિકા સિંઘ(IAS) ,વાઇસ ચેરમેન ,ગુજરાત મેરી ટાઇમ બોર્ડ ની ઉપસ્થિતિ માં ધ્વજ વંદન ની સાથે ખાસ કોરોનો વોરીઅર ને સન્માનીત કરવામાં આવશે.

સોનેરી પ્રશસ્થી પત્ર થી સાલ ઓઢાડી નવાજવામાં આવશે અને આ સાથે જ સમાજ માં તેમના અનુભવો અને કામગીરી થી માહિતગાર કરવામાં આવશે .આપણે જાણીએ છીયે કે ગત ઉનાળા માં ૪૫ ડિગ્રી તાપમાન માં પી.પી.ઈ કીટ પહેરી ને સામાન્ય માણસ ને જ્યાં પંખો અને એ સી ની જરૂર પડે તેવા સમય માં રોડ પર , હોસ્પિટલ માં , કેમ્પ માં પણ હસતાં મોઢે ૨૦ – ૨૦ કલાક કામગિરિ કરેલ છે,લોકો ની સેવા કરેલ છે તો એમનું રુણ કેવી રીતે ભૂલાય તે અર્થે શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજી , ભાટ અને શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક , ગાંધીનગર દ્વારા ૨૬ મી જાન્યુઆરી એ ખાસ કોરોના વોરિયર ને સન્માનીત કરવા વિશેષ કાર્યક્ર્મ નું આયોજન કરવામાં આવશે .

# કસ્ટડીમાંથી ફરાર વોન્ટેડ બુટલેગર મોન્ટુ ચાવડાને સ્કોડા કારમાં ભગાડી જનાર બુટલેગરનો ભાઈ દિક્ષીત ઉર્ફે પપ્પુ ચાવડા ઝડપાયો

અરવલ્લી બ્યુરો મોડાસા

ભિલોડા પંથકના વિરપુર ત્રણ રસ્તેથી વાહન ચેકીગ દરમ્યાન ગાંભોઈ પોલીસ સ્ટેશન અને અડાલજ(ગાંધીનગર)પોલીસ સ્ટેશનનો વોન્ટેડ બુટલેગર સંદિપકુમાર ઉર્ફે મોન્ટૂ મોહનભાઈ ચાવડા(રહે,ભાટ,ગાંધીનગર ) ને ઝડપી લીધો હતો આરોપીની અટક કરી ભિલોડા પોલીસ સ્ટેશન ખાતે લાવી હતી અને આ વોન્ટેડ બુટલેગર પોલીસને થાપ આપી ધરપકડ ના છ કલાકમાં જ પોલીસ કસ્ટડીમાંથી ભાગી પોલીસ સ્ટેશન બહાર ઉભેલી કારમાં નાસી જતાં પંથકમાં ચકચાર મચી હતી બુટલેગર મોન્ટુ ચાવડાને સ્કોડા કારમાં ભાગી જતા ભારે ચકચાર મચી હતી બુટલેગર મોન્ટુ ચાવડાને તેનો ભાઈ દિક્ષીત ઉર્ફે પપ્પુ ચાવડા જ ભગાડી ગયો હોવાનું બહાર આવતા જીલ્લા પોલીસતંત્રએ બંને બુટલેગર ભાઈઓને ઝડપી પાડગ વિવિધ ટીમ બનાવી ઠેર ઠેર છાપા મારી કરી રહી છે જીલ્લા એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયા અન્ય જીલ્લા પોલીસતંત્ર સહીત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સંપર્કમાં હતા ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દિક્ષીત ઉર્ફે પપ્પુ ચાવડાને ઝડપી લઈ અરવલ્લી જીલ્લા પોલીસતંત્રને સોંપતા ભિલોડા પોલીસે પપ્પુ ચાવડાની અટકયાત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

કુખ્યાત મોન્ટુ ચાવડાને તેનો ભાઈ ભિલોડા પોલીસ સ્ટેશન બહાર થી સ્કોડા કારમાં કઈ રીતે ભગાડી ગયો હતો વાંચો સમગ્ર ઘટનાક્રમ



ભિલોડા પોસઈ કે.કે.રાજપૂત સહિત ૪ પોલીસ કોન્સ્ટેબલોની ટીમ દ્વારા ગત બુધવારની બપોરે પંથકના વીરપુર ત્રણ રસ્તે વાહન ચેકીંગ દરમ્યાન એક ઈસમની હિલચાલ શંકાસ્પદ જણાતા તેને કોર્ડન કરી ઝડપી લેવાયો હતો.અને નામઠામ પુછતાં આ આરોપીએ પોતાનું નામ સંદિપકુમાર ઉર્ફે મોન્ટૂ મોહનભાઈ ચાવડા ઉ.વ.૨૭ અને પોતે ભાટ તા.જી.ગાંધીનગર નો રહીશ હોવાનું જણાવ્યું હતું.પોલીસ ટીમે ઈ-ગુજકોટ પોકેટકોપ મોબાઈલ ચેક કરી જોતાં આ શખ્શ વિરૂધ્ધ સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ અને ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પ્રોહીબીશન ના ગુના નોંધાયા હોવાનું જણાવ્યું હતું. પોલીસ ટીમે ઈ-ગુજકોપ પોકેટકોપ મોબાઈલ ચેક કરી જોતાં આ શખ્શ વિરૂધ્ધ સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ અને ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પ્રોહીબીશનના ગુના નોંધાયા હોવાનું જણાઈ આવ્યું હતું.અટક કરાયેલ આ શખ્શ વોન્ટેડ આરોપી હોવાનું જણાતાં જ તેને બુધવારે બપોરે ૧૫.૩૦ વાગે ભિલોડા પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો.અને સીઆરપીસી કલમ ૪૧(૧)હેઠળ અટક કરી ફરજ પર ના પીએસઓ ને સોંપાયો હતો.આ વોન્ટેડ આરોપી ઝડપી પડાતાં જે પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હોય તે પોલીસ સ્ટેશનો ખાતે અને અન્ય કોઈ પોલીસ સ્ટેશનમાં આ આરોપી વિરૂધ્ધ કોઈ ગુના નોંધાયેલ છેકે કેમ ? તે જાણવા સાબરકાંઠા અને અરવલ્લી પોલીસ સ્ટેશનોમાં મેસેજ કરી દેવાયા હતા.પરંતુ રાત્રે ૮.૧૫ કલાકે એકાએક પોલીસ કસ્ટડીયામાં રહેલ આ આરોપી એ પોલીસ સ્ટેશનમાંથી નાસી છુટવા દોટ લગાવી હતી અને પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ વોલના મેઈન દરવાજાનની બહાર નીકળી ગયો હતો. જયારે આ આરોપી ને ભગાડી જવા પોલીસ સ્ટેશન બહાર ઉભેલી સ્કોડા ગાડી નં.જીજે.૧૬ એજે ૯૦૩૬ માં બેસી આ આરોપી ભાગી છુટયો હતો.આ ચકચારી ઘટનાની જાણ થતાંજ પોસઈ સહિતનો સ્ટાફ પોલીસ સ્ટેશને ઘસી આવ્યા હતા.અને પોલીસ કસ્ટડીમાંથી જ ભાગી ગયેલ આ આરોપી અંગે ઉચ્ચકક્ષાએ જાણ કરી જુદીજુદી ટીમો દ્વારા આ આરોપીને ઝડપવા તજવીજ હાથ ધરાઈ હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

સાહિત્ય સરિતા ગ્રુપ ના નિર્ણાયક જયશ્રી પટેલ(દા દી શા) બકો જમાદાર પુસ્તક પ્રસિદ્ધિ બદલ ગ્રુપ સભ્યો ની બાળ રચનાઓ નો ગુલદસ્તો " દાદી શા " ને અર્પણ

-----------------------------------------

## NOG SS NO:20
૧-બાળવાર્તા

શીર્ષકઃ 'મરવા'ની આળસ.

માર્ચ મહિનાની શરૂઆત થઈ હતી. જંગલનાં સૌ વૃક્ષો નવાં પર્ણો ધારણ કરવા થનગની રહ્યા હતાં.

જંગલમાં સૌ પ્રાણી અને વૃક્ષોએ મળીને વસંતપંચમીની ઉજવણી કરી હતી. સૌ પ્રાણીઓએ વૃક્ષ અને વેલાને નવા ફૂલ અને ફળ ધારણ કરવાની શુભેચ્છા આપી હતી. ઠંડી ધીમે ધીમે ઓછી થઈ રહી હતી. ગરમીનું પ્રમાણ હજુ નહિવત હતું. ત્યાં જ એક આંબા પર ધીમે રહીને એક ડાળી પર મોરમાંથી મરવા ખીલું ખીલું થઈ રહ્યા હતાં.

એક કોયલ એ જોઈ ગઈ. "કૂ.. ઉ..." એણે સૌને આંબા ડાળે મોરમાંથી મરવા ફૂટ્યા એની વધામણી આપી.

ખિસકોલી, કાગડો, પોપટ જેવા બધા જ પક્ષીઓ રાજીના રેડ થઈ ગયા. સૌએ આવીને આંબાને નવા ફળની વધામણી આપી.

આંબો પણ એનાં કેરીરૂપી નાનકડા બાળકો આવશે એ વિચારી જાણે સપનામાં સરી પડયો. ધીમે ધીમે સમય પસાર થતો ચાલ્યો. નાનકડા મરવા મોરમાંથી બનવા લાગ્યા હતા. અમુક મરવા મોટા થવા પહેલા જ ખરી પડ્યા. આંબાને ખૂબ દુઃખ થયું. કુદરત કરે તે ખરું એમ વિચારી આંબાએ મન મનાવ્યું.

બાકીનાં મરવા નાનકડી કેરી બની ગયા હતાં. લીલા લીલા રંગ અને અનોખા આકારથી સૌને આકર્ષી રહ્યા હતાં.

એક દિવસ આંબો બધી કેરીઓને જોઈ રહ્યો હોય છે. ત્યાંજ એનું ધ્યાન એક મરવા પર પડે છે. તે હજી નાનો મરવો જ હતો..

"અરે બેટા! તું હજી કેરી કેમ નથી બન્યું?"આંબાએ એને પ્રેમથી પૂછ્યું.

"મારે મોટા નથી થવું. હું નાનો જ રહેવા માંગુ છું."મરવાએ મોઢું ચઢાવી જવાબ આપ્યો.

"બેટા દરેક કામ સમયસર થઈ જવું જોઈએ એ કુદરતનો નિયમ છે. એ નિયમ મુજબ જે ચાલી નાં શકે તે જીવનમાં કશું મેળવી શકતો નથી." આંબાએ મરવાને ખૂબ પ્રેમથી સમજણ આપી.

"ના પિતાજી મારે મોટા નથી થવું અને નથી જ થવું, અને હું ખરવાનો પણ નથી.

નાનકડી બધી જ કેરી મોટી થઈ ગઈ. કેટલીક કાચી જ તોફાની બાળકોના હાથે તૂટીને એમના મોં માં પહોંચી ગઈ. તો કેટલીક લીલામાંથી પીળો રંગ ધારણ કરવા લાગી. વળી કેટલીક પંખીઓના ચાંચથી ચાખાવા લાગી.

સૌ મોટી કેરીને પ્રેમ કરવા લાગ્યા. પેલા નાનકડાં મરવા ની સૌ મજાક ઉડાવવા લાગ્યા. તેથી એ નાનકડું મરવું ખૂબ દુઃખી થઈ ગયું. તેને આંબાએ કહેલી વાત યાદ આવી પરંતુ હવે મોડું થઈ ચૂક્યું હતું.

આખરે મે મહિનાની આકરી ગરમી સહન ન થતાં તે કાળું પડી ગયું. ના કોઈના કામ માં આવ્યું, ના તો કોઈનો પ્રેમ પામ્યું.

અંતે આંબાથી છૂટા પડતાં તે બોલ્યું, "મને તમારી વાત સમજતા બહુ વાર લાગી, જો સમયસર સમજી શકાઈ હોત તો જરૂર હું કોઈનાં કામમાં આવ્યો હોત."

અસ્તુ.

નોંધઃ મરવા એટલે મગ જેવડી નાનકડી કેરી.

ભાવના પટેલ 'વલસાડી વાદળ'

-----------------------------------------

## NOG SS NO:37
૨-બાળવાર્તા.

શીર્ષક ; કીડીબેનની જાત્રા.

દાદી કીડી ખૂબ બીમાર પડ્યા.પરિવારે ખૂબ સેવા - ચાકરી કરી.પણ દિવસે દિવસે એમનું સ્વાસ્થ્ય બગડતું જતું હતું.પરિવારમાં સૌથી નાની કીડી આ બધું જોઈ રહી હતી. તેણે મનથી નક્કી કર્યું, જો દાદીજી સ્વસ્થ થઈ જાય તો હું લાંબી જાત્રા કરવા જઈશ.

થોડાજ દિવસોમાં દાદીજી એકદમ સ્વસ્થ્ થઈ ગયાં.પણ પરિવારના સભ્યો મને એકલી જાત્રા કરવા માટે જવાની હા નહીં કહે,એવા વિચારથી નાની કીડીએ એક યુક્તિ અજમાવી.

મંદિર પાસેના ઝાડનાં દરમાં કીડીબેનનો પરિવાર રહે.રોજ અગણિત યાત્રાળુઓને જોઈ કીડીબેન ને પ્રશ્ન થયો. એણે પોતાની દાદી કીડીને પૂછ્યું, "દાદીજી આટલાં બધાં માણસો રોજ શા માટે મંદિરે આવતાં હશે ? "દાદીકીડી, કીડીને પોતાના ખોળામાં બેસાડી વિગતે કહે "જો બેટા, આ બધાંજ માણસો ઈશ્વરના દર્શન કરી પાવન થઈ,પોતે કરેલાં પાપો માંથી મુક્ત થવા માટે અહીયા આવે છે."કીડી કહે, "દાદીજી લોકો પાપ શા માટે કરે છે ?" દાદીજી કહે, "લોકો જાણતાં અજાણતાં પોતાના સ્વાર્થ માટે જે ભૂલો કરી બેસે એ પાપમાં પરિણમે. લોકો એના નિવારણ માટે ઈશ્વરના મંદિરે આવી, પૂજા પાઠ કરી મનની શાંતિ મેળવે...

બે ચાર દિવસો સુધી કીડીબેન કંઇક વિચારતા રહ્યાં. ત્યાર બાદ એક દિવસ પોતાના પરિવારને કહે, "મારે દૂર દૂર જાત્રા કરવા માટે જવાની ઈચ્છા છે. આપ સર્વે મને આશીર્વાદ આપો."કીડીના પરિવારના સભ્યો એકદમ ચૂપ થઈ ગયાં ! દાદીજી કહે, "અરે ! આ તું શું કહે છે ? આપણે નાનાં જીવ કહેવાઈએ, આપણે આ બધું ના કરી શકાય.જાત્ર કરવા દૂર દૂર જવું એ બહું પરિશ્રમ વાળું કામ કહેવાય.વળી તારે શુ જરૂર છે, જાત્રા જવાની ? "કીડીબેન ને ઘરનાં સભ્યો ખૂબ સમજાવાનો પ્રયત્ન કરે.પણ કીડીબેન કોઈ ની વાત સમજવા તૈયાર ન થયાં.

એ તો જીદ કરી અન્ન, પાણી છોડી બેઠાં. ઘરનાં સભ્યો મુંઝાયા હવે શું કરવું ? મકોડાં ભાઈ આવ્યાં, એમણે પણ ન જવા માટે ઘણું સમજાવ્યું, પણ કીડીબેન ન સમજ્યા. મંકોડા ભાઈ કહે, "કીડીબેન ને જવાદો, રસ્તામાં મુશ્કેલીઓ આવશે, એથી થાકી પાછા ફરશે." ચાલો હું એમને જંગલના રસ્તા સુધી પહોંચાડી આવું. કીડીબેન તો પોતાનો સામાન પેક કરી બધાંના આશીર્વાદ લઈ મંકોડા ભાઈ સાથે ચાલ્યાં જાત્રા કરવા....

મં---કોડાભાઈ રસ્તામાં ખૂબ સમજાવે, પાછા વળી જવા કહે, પણ કહેવાય છે ને " અડગ મનના મુસાફિરને હિમાલય પણ નડતો નથી." કીડીબેન, પોતાની વાત પર અડગ રહ્યાં.મકોડા ભાઈ જંગલમાં છોડી ચાલ્યાં ગયાં. કીડીબેન ખૂબ ધીરજ પૂર્વક આગળ વધ્યાં. ચાલતાં ચાલતાં થાક્યાં. માટે ઝાડનાં થડે આરામ કરવા બેઠાં.ઝાડ પર રહે વાંદરાભાઈ. વાંદરાભાઈ એ જોયું, નીચે કીડીબેન ખૂબ થાકેલી હાલતમાં બેઠાં છે, સાથે સામાન પણ ઘણો છે.માટે કીડીબેન ક્યાંક જતાં હોય એવું લાગ્યું. વાંદરાભાઈ કીડીબેન પાસે ઝાડ નીચે આવ્યાં.વિગતે બધું પૂછ્યું.કીડીબેન, પોતાની ઈચ્છા જણાવે છે. વાંદરા ભાઈ પહેલાં તો એમને પાછા વળી જવા સલાહ આપી, પણ કીડીબેન ની શ્રદ્ધા, મનોબળ જોઈ પોતે પણ એમને મદદ કરી જંગલની બહાર મૂકવા તૈયાર થયાં.કીડીબેન ખુશ થયાં ! એતો વાંદરાભાઈ ની પીઠ પર બધો સામાન લઈ બેસી ગયાં.વાંદરા ભાઈ હૂપ... હૂપ.. કરતાં કૂદ્યા....અને થોડાજ સમયમાં જંગલની બહાર કીડીબેન ને છોડી આવ્યાં. કીડીબેન ખૂબ મળતાવડા સ્વભાવના.તેથી બધાં સાથે તેમની દોસ્તી.એક વખત કબૂતરોને, શિકારીથી, બચાવ્યાં હતાં.તેથી બધાં જ પંખી,પ્રાણીઓ એમને સારી રીતે ઓળખે.મદદ કરવા માંગતા હતાં.

વાંદરા ભાઈનો આભાર વ્યક્ત કર્યો.પછી...

કીડીબેન ખુશી ખુશી આસપાસની નદીઓમાં ન્હાયા. સ્વચ્છ થઈ મંદિરોમાં જઈ લોકોની પાસે બેસી શાંતિ પૂર્વક ઈશ્વરના દર્શન કર્યાં, પૂજા, પાઠ કર્યા.સાંજ સુધીમાં થાકી આવ્યાં, નદી કિનારે.નદી કિનારે બેઠાં બેઠાં કંઇક વિચારમાં પડ્યા. એ જોઈ નદી માંથી કાચબા ભાઈ આવ્યાં. કાચબો કહે," અરે ! કીડીબેન, આમ આટલો બધો સામાન સાથે લઈ ક્યાં જવા નીકળ્યાં ? કીડી કહે, "અરે વીરા, હું, તો દૂર દૂર જાત્રા કરવા માટે જાવ છું.પણ આ નદીના પ્રવાહને જોઈ સામે કિનારે કેવી રીતે પહોંચીશ ! એ વિચારું છું.કાચબા ભાઈ પણ આગળ ન જવા માટે સમજાવે છે.પણ કીડીબેન ના સમજ્યા.એ તો આગળ જાનના જોખમે પણ જવા તૈયાર હતાં.કીડીબેન ની હિંમત, જોઈ કાચબો એમને પોતાની પીઠ પર બેસાડી સામે કિનારે લઈ જવા તૈયાર થયા.

બધાંજ પ્રાણીઓના સાથ સહકારથી નાની કીડીની જાત્રા ખૂબ અનંદાય અને રસપ્રદ રહી.કીડી તો ફરી પાછા પોતાના ઘર તરફ ચાલ્યાં.બધાંજ પ્રાણીઓ એ ફરી મદદ કરી,સાથે મળી કીડી બેનનું સામૈયુ કર્યું, નાચતાં કૂદતાં,ગીતો ગવાય...

" નાના સરખા કીડી બેન,જબરા હિંમત વાળા, એકલા જગની જાત્રા કરી આવ્યાં."

બધાં પ્રાણી,પંખીઓના આવતા જોઈ કીડી બેનનું પરિવાર પણ સાથે જોડાય છે.દાદી કીડી નાની કીડી ને ખુશી ખુશી પોતાની બાથમાં લઈને ગૌરવ વ્યક્ત કરે છે.

હેમલતા તુલસીદાસ દિવેચા.

## NOG SS NO: 007
૩-બાળવાર્તા

શીર્ષકઃ ડકલી બકલીની સંગાથે

હેલ્લો બાળકો! કેમ છો બધાં? આ લોકડાઉનમાં ઘરે બેસીને તો તમે બધાં કંટાળી ગયા હશોને? મેં તો કેટલાંય બાળકોને એમ કહેતાં સાંભળ્યા કે હવે તો મોબાઈલમાં ગેમ રમી રમીને પણ કંટાળો આવે છે.શું તમને પણ હવે મોબાઈલથી કંટાળો આવે છે? તો પછી ચાલો તમારો કંટાળો દૂર કરવા હું લઈને આવી છું એક જબરદસ્ત, મસ્ત; એક તોફાની અને બીજો ડાહ્યો, એમ બે મિત્રોની વાર્તા.

મિત્રો, મુંબઈ શહેરમાં રહેતાં આ બંને મિત્રોના નામ છે ડકલી અને બકલી.આ બંને વચ્ચે ખૂબ ગાઢ મિત્રતા હતી.બંનેના ઘરો એકબીજાના ઘરની આમને સામને હતાં.બંનેની મિત્રતા એટલી બધી ગાઢ હતી કે બંનેનો સવારે ઊઠવાનો સમય,ખાવા પીવાનો સમય, રમવાનો સમય,ભણવાનો સમય,નિશાળે જવાનો સમય અરે! નહાવા જવાનો સમય પણ લગભગ સરખોજ.બંને જ્યાં જાય ત્યાં સાથે જ જાય.આસપાસ રહેતાં લોકો એમને રામલક્ષ્મણની જોડી કહેતાં.રોજ સવારે ઊઠી બારીમાંથી બંને એકબીજાને દૂરથી હાથ હલાવી ગુડમોર્નિંગ કરીને પછી જ પોતાની દિનચર્યાની શરૂઆત કરતાં.ડકલી અને બકલીમાંથી ડકલી એકદમ ડાહ્યો.બધાંની વાત માને.અને બકલી ડકલીથી સાવ જ ઊંધો.એ કોઈનું ન માને.ડકલી ભણવામાં એકદમ હોંશિયાર, અને બકલી ગપાટાં મારવામાં હોંશિયાર.ડકલી બકલી કરતાં એક વર્ષ મોટો હતો.તેથી શાળામાં પણ એ બકલી કરતાં એક વર્ષ આગળ હતો.ડકલી છઠ્ઠા ધોરણમાં અને બકલી પાંચમાં ધોરણમાં ભણતો હતો.બકલીને નિશાળે જવું જરાય ન ગમે.અને એમાં પણ ગણિત વિષય તો જરાય ન ગમે.એટલે ડકલી બકલીને રોજ પરાણે ગણિતનું લેસન કરવા પોતાની સાથે જ બેસાડે. બકલી આમ પાછો ડકલીની બધી વાત માને હં કે! એમાં એક દિવસ બકલી સ્કૂલમાં ગણિત વિષય શીખવતાં ટંડેલસરની અડફેટે આવી ગયો.આમ પણ બકલીના ગણિત વિશેના અણગમાથી ટંડેલ સર બરાબર વાકેફ હતાં જ.મિત્રો થયું એમ કે ટંડેલસર બોર્ડ પર એક દાખલો સમજાવી રહ્યાં હતાં.ત્યારે પાછળથી એક છોકરાએ જોરથી પીપૂડી વગાડી.પીપૂડી ખબર છેને ; પેલી મોઢાંમાં મૂકીને વગાડીએ એટલે આગળથી કા પણી એક પટ્ટી ઉપર જાય અને પાછી નીચે આવે! હં...અ! તે પીપૂડીનો અવાજ સાંભળી ટંડેલ સર ચમકી ગયા.અને તરત જ પાછળ જોયું; તો બધાં છોકરાંઓ એકબીજાની સામે જોયા કરે અને ધીમું ધીમું હસ્યાં કરે.ટંડેલસરે ગુસ્સામાં પૂછ્યું; "કોણે વગાડી પીપૂડી? અને વર્ગમાં પીપૂડી લાવ્યું કોણ?" પણ વર્ગમાંથી કોઈએ જવાબ ન આપ્યો.પીપૂડીનો અવાજ સાંભળીને બકલી પણ ચમકી ગયો. કારણ કે થોડાં દિવસ પહેલાં જ એણે એક પીપૂડી ખરીદી હતી.અને એને લઈને શાળામાં પણ આવ્યો હતો, ત્યારે વર્ગમાં બધાં છોકરાંઓને બતાવી હતી.બધાં છોકરાંઓએ એ પીપૂડી વારા ફરથી વગાડી પણ હતી.બકલીને પણ બહુ મઝા આવી હતી તે દિવસે. પરંતુ સાંજે જ્યારે બકલીએ એ પીપૂડી ડકલીને બતાવવા પોતાની સ્કૂલબેગ ખોલી તો એમાં પીપૂડી નહોતી.એણે આખું દફ્તર ઊંધુ કરીને ખાલી કરી નાંખ્યું પણ પીપૂડી ક્યાંય ન જડી.જેથી ડકલી અને બકલી બંને નિરાશ થઈ ગયા હતાં.એ વાતને લગભગ આજે અઠવાડિયું થઈ ગયું હતું.આજે જ્યારે એ છોકરાએ એકદમ સેમ ટુ સેમ પીપૂડી વગાડી ત્યારે બકલી ચમકી ગયો અને એ છોકરાના હાથમાં પીપૂડી જોઈ મનમાં જ બબડ્યો; ' અરે! આતો મારી જ ગુલાબી અને બ્લ્યુ રંગની પીપૂડી છે,જે સાત દિવસ પહેલાં ખોવાઈ ગઈ હતી.' બબડીને એણે પોતાની બેન્ચ પરથી ઊઠીને પેલા છોકરાના હાથમાંથી પીપૂડી ઝૂંટવી લીધી.જે ટંડેલસર જોઈ ગયાં.બકલીના હાથમાં પીપૂડી જોઈને સરને એમ જ લાગ્યું કે પીપૂડી બકલીએ વગાડી છે.એટલે એમણે બકલીને એની સજારૂપે આખો દિવસ વર્ગની બહાર ઊભો રાખ્યો.બકલીએ સરને કહેવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે સમયે ટંડેલ સર ખૂબ ગુસ્સામાં હતાં અને બકલીની વાત સાંભળવા તૈયાર જ નહોતાં.જેથી શાળા છૂટ્યાં બાદ બકલી ખૂબ જ ગુસ્સામાં હતો.કારણ સરે એની એકપણ વાત સાંભળ્યા વગર જ એને સજા કરી હતી.જ્યારે ડકલીએ જોયું કે બકલી ગુસ્સામાં છે તો એણે બકલીને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું; " જો બકલી; પીપૂડીના અવાજથી સરને ભણાવવામાં ખલેલ પડી અને એમને ગુસ્સો આવી ગયો.અને ગુસ્સામાં ને ગુસ્સામાં એમણે તને સજા કરી. પરંતુ જ્યારે એમનો ગુસ્સો ઠંડો થઈ જાય ત્યારે તું જઈને સરને બધી વાત વિસ્તારથી કરજે કે પીપૂડી તે નહોતી વગાડી .ઊલ્ટાનું એ છોકરાએ તારી પીપૂડી ચોરી લીધી હતી; એટલે જ્યારે તે એ પીપૂડી એની પાસે જોઈ ત્યારે એ પીપૂડી એની પાસેથી ઝૂંટવી લીધી હતી.જોજે ટંડેલ સર તને પછી ક્યારેય ખોટો ગુસ્સો નહી કરે." ડકલી જ્યારે બકલીને આ રીતે સમજાવી રહ્યો હતો ત્યારે ગુસ્સામાં હોવાથી ડકલીની વાત પર બહુ ધ્યાન ન આપ્યું.

ઘરે જઈ રાત્રે ટીવી જોતાં જોતાં જ્યારે એનું મગજ ઠંડુ થયું ત્યારે એને પણ ડકલીની વાત સાચી લાગી.બીજે દિવસે શાળાએ પહોંચીને એણે પહેલું કામ ટંડેલ સરને મળીને, ડકલીએ શીખવાડ્યું હતું એ રીતે પોતાની વાતની રજૂઆત કરવાનું કર્યું.જે સાંભળીને ટંડેલ સરને સાચી હકીકતની ખબર પડી.પછી ટંડેલ સરે એ છોકરાને બોલાવીને પૂછ્યું, ત્યારે એણે પણ કબૂલ્યું, કે સાત દિવસ પહેલાં એણે રીસેસમાં બકલીની પીપૂડી ચોરી હતી.અને બકલીને ચીઢવવા વર્ગમાં પીપૂડી એણે જ વગાડી હતી.એ છોકરાની વાત સાંભળી સરે એને સજા કરી અને બકલીને એની વાત નિર્ભય પણે કહેવા બદલ શાબાશી આપી.

જોયું મિત્રો, આ વાર્તા પરથી આપણને એજ શીખ મળે છે કે હંમેશા આપણા ગુસ્સા પર કાબૂ રાખવો.ગુસ્સામાં કરેલા નિર્ણયો સાચા નથી પડતા.બીજું હંમેશા સાચું બોલવું.કારણ તમે સાચાં હોવ તો બધાં જ તમારી વાત માનશે અને તમને શાબાશી આપશે.અને છેલ્લે...... ક્યારેય કોઈની વસ્તુની ચોરી ન કરવી. તો મિત્રો, મઝા આવી? તમને આ વાર્તા કેવી લાગી એ જરૂર જણાવજો.શ્ર?

લેખિકાઃ આરતી મરચંટ.મુંબઈ

-----------------------------------------

## NOG SS NO:044
૪-બાળવાર્તા

શીર્ષકઃ રિમઝિમ ખિસકોલી.

સુંદરવન નામના જંગલમાં લીમડાનાં ઝાડ પર રિમઝિમ નામની ખિસકોલી પરિવાર સાથે રહે.બરાબર સામે એક દરમાં ઉંદર મામા પરિવાર સાથે રહે. ઉંદરનું સૌથી નાનું બચ્ચું મોન્ટુ.આપણા આ મોન્ટુભાઈ ભારે તોફાની,વડ પરના વાંદરા ઉતારે એવાં.

મોન્ટુને માવતરે એકલા બહાર નીકળવાની ના પાડેલી.છતા પણ એક દિવસ ખિસકોલી બાઇને પૂંછડી હલાવી દોડાદોડી કરતી જોઈ, ત્યાં જવાનું મન થયું.

ઘરમાં બધા સૂતેલા હતા એટલે મોન્ટુ તો છાનોમાનો બહાર નીકળી આજુબાજુ જોઈ રસ્તો ઓળંગી છૂપાઈને રિમઝિમબાઈને જોવા લાગ્યો.

લાગ મળતા જ પૂંછડીને બચકું ભર્યું.રિમઝિમબાઈ તો લોહી લૂહાણ ચીસાચીસ કરે.ચીસ સાંભળી મોન્ટુના ઘરવાળા દોડી આવ્યા.૧૦૮ બોલાવી હાથીભાઈ ડોક્ટરને ત્યાં લઈ ગયા.મોન્ટુ પાસે રિમઝિમની માફી મંગાવી.

ઘરે આવતાં જ મોન્ટુને પિંજરામાં પૂરી ઉંચે લટકાવી દીધું.મોન્ટુભાઈએ તાણ્યો ભેંકડો.એને કહ્યું, "તેં આવું તોફાન કર્યું, અમારી ?ના છતાં એકલો બહાર ગયો એની સજા સાંજે ખાવાનું પણ નહીં મળે."

મોન્ટુને એની ભૂલ સમજાઈ માવતરની માફી માંગી હંમેશા તમારું કહ્યું કરીશ એવું કહેતા જ બહાર કાઢી, ખાવાનું આપ્યું.

બે ત્રણ દિવસ પછી મોન્ટુને એની મમ્મીએ કહ્યું," રિમઝિમમાસીને એના પરિવાર સાથે આપણે ત્યાં જમવાનું આમંત્રણ આપી આવ."

રિમઝિમનાં બાળકો તો મોન્ટુની વાત સાંભળી ગભરાઈ ગયા.ત્યાં જવાની ના પાડી.રિમઝિમે સમજાવ્યા, " મોન્ટુને ભૂલનું ભાન થયું છે, એનાં પ્રાયશ્ચિતમાં સહકાર આપીએ." એમ કહી બધાં મોન્ટુને ત્યાં ગયા. બંને પરિવારના બાળકો મિત્રો બન્યા.મજાની જિંદગી જીવ્યા.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

આ વાર્તા આપણા પ્યારા દાદીશાને નામ.

-----------------------------------------

## NoG SS NO:065
૫-બાલ વાર્તા

શીર્ષકઃ સોનાની પૂતળી ની વાર્તા

એક રાજકુમારી હતી. તેનુ નામ હીરા હતુ. તેને તેના રૂપનું બહુ અભિમાન હતુ. તેના કારણે તે બહુ અભિમાની થઇ ગઇ હતી.

એક દિવસ તે અરીસા સામે ઊભી હતી તો તેને તેમા પરી દેખાઈ. પરીએ કહ્યું "આટલું બધું અભિમાન સારું નહી".

હીરાએ પરીને કહ્યું મારા બધાં અંગો સોના જેવા છે. હું સોનાની પૂતળી જેવી લાગું છું.

પરીએ કહ્યું " જેવી તારી ઈચ્છા ".

અને હીરા સોનાની પૂતળી બની ગઈ.

દાદીશાને અર્પણ.

પ્રિશા શાહ(હર્ષા શાહની દીકરી)

-----------------------------------------

## NOG SS NO:0048
૬-બાળવાર્તા

શીર્ષક - મિત્રતા

સુંદરવનમાં રહેતાં બ્લેકી કાગડો અને માધવ મોર પાકા મિત્રો હતાં. બધાં તેમની કજોડાં જેવી મિત્રતાની મજાક ઉડાવતા, પણ તેઓ તેને મન પર ન લેતાં. તેઓ પોતાની મસ્તીમાં ઉડતાં, જંગલમાં ફરતાં અને જોડકણું ગાતા,

"અમે તો પાકા દોસ્તારો,<br>
લોકોને બોલવું હોય એ બોલે,<br>
માધવ ને બ્લેકી, બ્લેકી ને માધવ,<br>
અમારી બંધુબેલડી કાલી ને જાદવ."

આ સાંભળી જંગલમાં ફરતું કોઈ પ્રાણી તેમની ટીખળ કરતાં કહેતું, "અરે બાપરે! આ કર્કશ અવાજવાળો કાગડો અને સુંદરતા ધરાવતો માધવ મોર, મિત્રો ! કેવી રીતે બને?".

તેઓ રોજ તેમની મનગમતી શાંત જગ્યાએ જતાં અને તળાવના પાણીમાં તેમના પ્રતિબિંબ સાથે દિવસભરની વાતો કરતાં.

એક દિવસ તળાવના કિનારે, સુંદરવનની સુંદરતાનું ટી.વી. પર જીવંત પ્રસારણ બતાવવા એક ચેનલવાળા આવ્યા હતાં. તેમણે ત્યાં માધવ અને બ્લેકીને જોયાં, અચરજ પામીને તેમનો ઈન્ટરવ્યુ લીધો અને તેમની મિત્રતાની મિશાલ લોકો સમક્ષ રજૂ કરી. એ બનાવ પછી, સુંદરવનના દરેક પ્રાણીઓ અને પક્ષીઓ તેમને માન આપવા લાગ્યાં.

ઉપરની વાર્તા મેં એક સ્પર્ધામાં રજૂ કરી અને મને ઈનામ મળ્યું. ઈનામ આપતાં પહેલાં નિર્ણાયકે મને બોધ પૂછ્યો. મેં કહ્યું, "દુનિયાની ફિકર ના કરો, પોતાનું કામ કરો."

પ્રિયાંશી શાહ 'પાખી'

-----------------------------------------

બાળગીત

શીર્ષકઃ બાળપણની મહેચ્છા

મારે એ જ ધમાલ મસ્તી કરવી'તી,,,<br>
કીટ્ટા બુચ્ચા ની રમત પાછી રમવી'તી!!<br>
ખાલી બાટલી માં ટેટો નાખી,,,<br>
સળગાવીને ભાગવું'તુ,,<br>
ખિસકોલી ના બચ્ચાને<br>
ટોટીથી દૂધ પાવું'તુ,,<br>
મારા નાના ગલૂડાં ની ઝૂંપડીમાં, એક નાનકડું ગોદડું મૂકવું'તુ!!<br>
મારી નાની સાઈકલની સીટમાં ટેડી બેરને બેસાડવું'તુ!!<br>
મમ્મી ના ખોળામાં બેસી પરીઓના દેશમાં જાવું'તુ!!<br>
ધમાલ મસ્તી કરતાં કરતાં પૈસો પાટે મૂકવો'તો,,<br>
રેલગાડી એને કરતી મોટો,,,<br>
વટ ભાઇબંધમાં પાડવો 'તો!!<br>
દાદાજીની લાકડી લઈ વાંકાચૂકા ચાલવું'તુ,,<br>
હાઉકલી કરીને દાદીને બીવડાવવા'તા!!<br>
રાત્રે પાછા ચાંદામામા સાથે ડોશીની વાત સાંભળવી'તી!!!<br>
એક નાનો દેડકો લાવી<br>
બેનડી ને પજવવી'તી!!<br>
લખોટી નો દાવ લઈ,<br>
ગિલ્લીદંડા રમવા'તા,<br>
મારા ભાઈબંધ ની ટોળી સાથે, ગલીઓમાં ઘૂમવું'તુ!! એ મારા બાળપણ,,, પાછું એકવાર આવી જા ને,,, મારા અધૂરા સ્વપ્ન પૂરા કરવા!!

કલ્પના ત્રિવેદી,સુરેન્દ્રનગર

-----------------------------------------

૨-બાળગીત

શીર્ષકઃચાલ બગીચે

ચાલ બગીચે રમવા જઈએ<br>
આનંદ અને કિલ્લોલ કરીએ<br>
મોબાઈલ - ટીવી જ જોયા કરીએ!?<br>
આંખો મજાની ; શીદને ખરાબ કરીએ?<br>
ચાલ બગીચે ... મત્રો સઘળા ભેગા થઈએ,<br>
એકમેકના હાથ ઝાલીએ.<br>
ચાલ બગીચે ...<br>
બેઠા બેઠા તો આળસું થઇએ,<br>
બગીચે થોડી કસરત કરીએ.<br>
ચાલ બગીચે ... વૃક્ષો, ફૂલો ને પતંગિયા<br>
મજાનાં, ચાલ ઘડીક કુદરતને મળીએ.<br>
ચાલ બગીચે ...<br>
કાલ સવારે મોટા થઈ જઈશું,<br>
કોણ જાણે કે કોણ ક્યાં હોઈશું?<br>
ચાલ આજને જ ઉજવી લઇએ,<br>
ચાલ બગીચે રમવા જઈએ.

વૈશાલી જે મહેતા

૩-બાળગીત

શીર્ષકઃ પરિવારનું પુષ્પ

કર્ણ-દ્વારે મીઠાં ટહૂકે ટહૂકે ખિલે ફૂલ<br>
બાળહાસ્ય ભરે હૈયું ખિલખિલાટ ઝૂલ...<br>
મન-દ્વારે મધુર અવાજ કરે રૂડું ગુંજન;<br>
જીવનરસ મનભરી માણે સ્નેહ ખૂબ...<br>
હૃદય-દ્વારે સ્પર્શી રૂડો રવ કરે સ્પંદિત<br>
કૂણી કૂણી લાગણીઓનાં કરવા શા મૂલ?<br>
દિલ-દ્વારે મીઠી મઝાની સંવેદનાઓ ઝરે;<br>
મૌનની મધુર મુલાયમતા તો થાય ડૂલ...<br>
સ્નેહ-દ્વારે માણેલી સંવેદી પળો પાંગરે<br>
સંભળાય દશે દિશાથી વેદગાન અતિમૂલ;<br>
અંતર-દ્વારે પૂર્ણ પ્રેમ છલકે, મન મલકે<br>
મેઘધનુષી રંગો ઝરમર ઝરવા વ્યાકુલ...

અરુણાબેન ત્રિવેદી ,અમદાવાદ

(પૌત્રનાં અવાજ નું માણેલું સંવેદન)

દાદીશાને માન સાથે અર્પણ

-----------------------------------------

૪-બાળગીત..

શીર્ષકઃચાંદી'શા વાળ

મારા દાદાના ચાંદી'શા વાળ ભાઈ<br>
મને વારે વારે અડકવા બહુ ગમે<br>
કેવા સુંવાળા એ તો લાગે મજાનાં<br>
બે હાથ મારા એવા રેશમથી રમે<br>
મારા દાદાના......<br>
હળવેથી ફેરવું એ રેશમમાં દાંતિયો<br>
કે દાદાના બોખા મુખે સ્મિત ઝમે<br>
હેતથી વાંસામાં ફરે ધ્રુજતા હાથ<br>
હળવા એ સ્પર્શ મને બહુ બહુ ગમે.<br>
મારા દાદાના.......<br>
દાદા તો મારા છે ખાસ ભાઈબંધ<br>
મધથી મીઠાં છે અમારા સંબંધ<br>
હોઠેથી નીતરે છે દાદાના વેણ<br>
હરખી મારું મન એને ચરણે નમે.<br>
મારા દાદાના....

વર્ષા જાની. , ભાવનગર

દાદીજીને આ બાળગીત ભાવપૂર્વક અર્પણ..

-----------------------------------------

૫-બાળ ગીત

શીર્ષકઃસંતાકૂકડી

આજે રમીએ સંતાકુકડી<br>
હું અને મારા પપ્પા,<br>
માંડ એમને રજા મળી છે<br>
કરીએ બંને મજા !<br>
મમ્મી રમાડે રોજ, આજે<br>
ઘરઘર દાવને રજા<br>
રિંગ રમીને કંટાળી હું,<br>
નથી એમાં કઈ મજા!<br>
મારા દાવે હું સંતાઉ તો<br>
ડરવાનું નહીં જરાયે,<br>
કૂક કરતાં વ્હાલી આવશે<br>
હસતી રમતી બહારે!<br>
આપણાં ઘરની છું હું બોસ<br>
જાવ, તમે કહો તેમ થાશે,<br>
દાવ લઈશ હું પહેલા હંમેશ<br>
દેવો તમારે ભાગે !

કૌમુદી સોની,સુરત

દાદીશાને અર્પણ

-----------------------------------------

૬-દાદીસાને મબલખ વ્હાલ સાથે સમર્પિત..

કલમનો બચપન તરફ વળાંક..

બાળકલ્યાણ દિન પર લખેલી રચના.

"મહેચ્છા"

સપનું અમારું ઘર મજાનું,<br>
જીવશું સુખ સંસાર,<br>
હવે જીવશું સુખસંસાર,<br>
અમને ખપતો નથી અંધકાર..(૨)<br>
લઇશું હાથે કલમ કિતાબો,<br>
મળશે વિદ્યાદાન,<br>
હવે મળશે વિદ્યાદાન,<br>
અમને ખપતો નથી અંધકાર..(૨)<br>
ચાહના કેવળ ઉજળું જીવન,<br>
બચપન તરુણ પ્રકાશ,<br>
હવે બચપન તરુણ પ્રકાશ,<br>
અમને ખપતો નથી અંધકાર..(૨)<br>
અમ અધરો પર સ્મિત નિરાળું,<br>
મહેકે જીવનબાગ ,<br>
હવે મહેકે જીવનબાગ,<br>
અમને ખપતો નથી અંધકાર..(૨)<br>
જાગ જરા કટ્ટર માનવ સૂણ,<br>
બાળ તણો લલકાર,<br>
હવે બાળ તણો લલકાર,<br>
અમને ખપતો નથી અંધકાર..(૨)<br>
સપનું અમારું ઘર મજાનું,<br>
જીવશું સુખ સંસાર,<br>
હવે જીવશું સુખસંસાર,<br>
અમને ખપતો નથી અંધકાર..(૨)

લીના વછરાજાની.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

અનુસંધાન પેજ નંબર ૫ નું ચાલુ

૭-મારી આ રચના બકો જમાદાર ને સમર્પિત
(અનેકગણી શુભેચ્છાઓ સાથે)
બા મીઠી બા
બા તારા રોટલા બહુ મીઠા લાગે,
ઉપર ગોળ ને ઘી તું લગાવી આપે.
ખાટી ખાટી કળી તું વાટકી ભરી આપે,
વ્હાલથી બટકા કરી તું મને ખવડાવે.
બાપુજી તમારી સંગ ખેતર જવું ગમે,
વહેતા પાણીમાં છબછબિયા કરવા ગમે.
ચાંદની ના અજવાળામાં દોસ્તો વળે ટોળે,
શેરી ગજવીએ ને મોડા સુધી રમીએ.
ગામ આખું ગજવતા નિશાળે જઈએ,
મસ્તી મજા કરી રમતા રમતા ભણીએ.
દાદાની વાર્તા સાંભળી સૂવાની મજા આવે,
કરચલી પડેલ હાથ દાદી વ્હાલથી ફેરવે માથે.

શીલા પટેલ" આકાંક્ષા"

------------------------------------

૮-બાળગીત
શીર્ષક:સૂરજ ઉગે
સવાર પડતાં સૂરજ ઉગે ઊંઘતા લોકો જાગે રે.
પંખીનાં મીઠાં ટહુકાથી દુનિયા આખી ચહેકે રે.નાના બાળ નિશાળે જાતાં હસતાં કુદતા રમતાં રે.
ગાયો ચરાવવા ગોવાળ જાતાં મારગ ધૂળિયા થાતાં રે.
પનિહારીઓ પાણી જાતી બેડલાં માથે લઈને રે.
મંદિરોમાં ઘંટ વાગે આરતી ધૂન થાતાં રે.
અવર જવર લોકોની થાતાં ચહલ પહલ વર્તાતી રે.
ખેડૂત ખેતર ખેડવા જાતો બળદ સાથે લઈને રે.
ભાભા બધાં પાદર જાતાં વાતો મજાની કરતાં રે.
ડોશીઓ સૌ મંદિરે જાતી ભજન કીર્તન કરતી રે.
આખો દિવસ કામ કરીને સાંજે પાછાં ફરતાં રે.
સૂરજ પણ થાકીને જાતો એટલે રાત થાતી રે.

જિજ્ઞાસા યુ જોષી "શુક"

------------------------------------

૯-નામ- દીપ્તિ પટેલ
ઉપનામ- 'શ્રીકૃપા'
શીર્ષક: મોર
રંગબેરંગી મોર
રંગબેરંગી મોર આવે...
ઢુમક ઢુમક નાચે, ઢુમક ઢુમક નાચે..
ચોળી પહેરી , ચુંદડી ઓઢી નાચે
ટુહૂક ટુહૂક બોલે, ટૂહૂક ટુહૂક બોલે..
રંગબેરંગી મોર...
મોર નાચે સાથે ઢેલ નાચે
કળા કરી નાચે, ઢેલ જોઈ નાચે..
રંગબેરંગી મોર..
ટહુકાર કરી વાદળોને બોલાવે
ટહૂકી ટહૂકી નાચે, ટહૂકી ટહૂકી નાચે..
રંગબેરંગી મોર..
ટહુકાર સાંભળી વાદળો ગગડે
વીજળી ઝબૂક ઝબૂકે, વીજળી ઝબૂક ઝબૂકે..
રંગબેરંગી મોર..
ગડગડાટ વાદળો વરસાદ વરસાવે
મોર ઢુમક ઢુમક નાચે મોર ઢુમક ઢુમક નાચે..
રંગબેરંગી મોર..

દીપ્તિ પટેલ'શ્રીકૃપા',વડોદરા.

------------------------------------

૧૦-બાળગીત
શીર્ષક : યોગ કરો ભાઈ યોગ
યોગ રે યોગ! કેવા હોય યોગ, ન લેશો કોઈ સ્ટ્રેસ,
આવો રે! હંમેશાં કરીએ રમતા રમતા કરાય એવા યોગ.
યોગ રે યોગ હોય છે સરસ મજાનાં ભાઈ એ તો યોગ,
હસતા હસતા ને રમતા રમતા આપણે કરીશું સૌ યોગ.
ઊંધા પગે બેસો ને જમવાનું પચાવી દેતું ફટાફટ,
યોગ રે યોગ આ તો કહેવાય છે ભાઈ વજાસન.
બંને પગને અડધા વાળી હાથથી પગના પંજા કરીએ લોક,
પગને ઉપર નીચે કરીએ ત્યાં તો કહેવાય ભાઈ બટરફ્લાય.
બંને હાથથી નીચે ઝૂકી પગના અંગૂઠા પકડીએ થોડી વાર,
યોગ રે યોગ આ તો કહેવાય ભાઈ પાદ હસતાસન.
બંને હાથને કમર પર મૂકી ધીમે ઝૂકીએ પાછળ તરફ,
યોગ રે યોગ આ તો કહેવાય ભાઈ અર્ધ ચક્રાસન.
છતાં સૂઈને બંને પગને જરા કરીએ થોડા સીધા ઉપર,
યોગ રે યોગ આ તો કહેવાય ભાઈ અર્ધહલાસન.
સીધી પલટી મારી બેસી કરી દઈએ આંખો પોતાની બંધ,
ત્રણ વાર ઓમકારનું ઉચ્ચારણ કરીને યાદ કરાય ભગવન.
સીધી પલટી મારીને આરામ આપીએ શરીર ને,
યોગ રે યોગ આ તો કહેવાય ભાઈ સૌનું વહાલું સુખાસન.
યોગ રે યોગ હોય છે ભાઈ સરસ મઝાના બધા યોગ,
હસતા રમતા આપને કરશું સૌ બધા સાથે મળીને યોગ.
જો ન કરે કોઈ યોગ તો એને પણ કરાવો જોઈએ યોગ,
"કરો યોગ બનો નીરોગ" યાદ એ યાદ રાખો હરપલ.

સપના શાહ હની,ગોધરા

------------------------------------

બાળગીત -૧૧
બાળગીત
શીષેક - વંદનાવલી
પહેલું વંદન માતા-પિતાને,
જન્મ આપવા માટે.
બીજું વંદન ગુરૂજી આપને,
સંસ્કાર સિંચન માટે.
ત્રીજું વંદન ઇશ્વર તુજને,
સુંદર જીવન માટે.
ચોથું વંદન મારી શાળાને,
જીવન ઘડતર માટે.
પાંચમું વંદન સૌ વડીલોને,
વહાલ વરસાવવા માટે.
આપ સૌ મારા વંદન સ્વીકારીને,
આપો શુભાશિષ મુજને.

પ્રકૃતિ શાહ "પ્રીત"

------------------------------------

૧૨-બાળગીત
શીર્ષક: પરોપકારભાવ
કોયલબહેન તો કામણગારા,
કાગડા-કાગડી એમનાંથી છેતરાણાં...!
કોયલબાઈ પોતાનાં ઈંડા સેવડાવે કાગડીબાઈ જોડે,
કાગડા-કાગડી તો સરખા રંગે ભરમાણાં...!
બચ્ચાં નીકળી બહાર
બોલે કુ..હુ, કુ..હુ
કાગડા-કાગડી તો થયા ઝંખવાણા,
પરોપકારી ,પરગજુ ગુણે કોયલબાઈનાં
બચ્ચાં સચવાણાં...!

-ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

------------------------------------

૧૩-બાળગીત
શીર્ષક: ધોબી.
ધોબીડાં ઓ ધોબીડાં,
મારા કપડાં ધોજે ધબાક, ધબાક.
મારા પપ્પાના આ લે કપડાં,
એનાં ખીસ્સા પાકીટ જોજે જરા,
એમાં કંઈનું કંઈ રહી જાય નહીં.
જોજે પપ્પા ગુસ્સે થાય નહીં..
ધોબીડાં ઓ ધોબીડાં.
મારી મમ્મીની એ લે સાડી,
જો ન બગડે કરજે સરખી ગડી,
જોજે સાડી એ વિખરાય નહીં,
મારી મમ્મી ગુસ્સે થાય નહીં.
ધોબીડાં ઓ ધોબીડાં,
મારા કપડાં ધોજે ધબાક, ધબાક.
માનનીય દાદીશાને અર્પણ.

અંજના ગાંધી "મૌનું",વડોદરા

------------------------------------

૧૪-બાળગીત
દાદીશાને સપ્રેમ અર્પણ????
શીર્ષક :બાળહઠ(ગુજલીશ રચના)
Sunday હોય કે Monday
જાવું છે સ્કૂલ હવે everyday
થઈ ગયા બોર હવે Indoor
ફ્રેન્ડ સાથે રમવું છે outdoor
કરવી છે રિશેષમાં ફ્રેન્ડ સાથે fight
ભલે થાય મેલો, મારો કોલર white
પહેરાવી દે તું મને મારાં socks & shoes
કરવું નથી હવે મારે કંઈ પણ choose
પેક કરી દે પરોઠા Œwt in Lunch box
ખાટી દ્રાક્ષવાળી વાર્તામાં આવે fox
ખોવાઈ જાય સ્કૂલમાં ભલેને મારી tie
હવેથી બોલીશ નહીં કદી પણ nwt lie
ઠંડા પાણીની ભરી દે મોટી bottle
ઘરે જ જમીશું,ના જઈશું હવેથી hotel
કરીશું ધીગામસ્તી in the class
નથી કોઈ ફિકર, થશું fail fu pass
ઘરે બેસીને life થઈ ગઈ છે boring
કરવું છે કાંઈક હવે તો scorring
મમ્મી જાવું છે હવે તો મારે school
બહાનાં બનાવીને ના બનાવ મને fool
કોરોના-કોરોના go away
Little children wants to play

ડો.રેખા શાહ કચોરીયા

------------------------------

૧૫-બાળ ગીત.
શીર્ષક..ચંદામામા
દૂર ગગનમાં વસે છે
ચંદામામા મને જોઈ હસે છે.
તારલાઓ ટમ ટમ કરે છે,
ચંદામામા જોડે રમે છે.
વાદળોમાં સંતાય જાય છે,
મામા સંતાકૂકડી રમે છે.
ચાંદામામા વહાલા છે,
બાળકોના પ્યારા છે.

નયના પટેલ..નૈન.વડોદરા

------------------------------------

૧૬-બાળગીત
શીર્ષક: ડાયનોસોર
મારે તો જોવાં છે ડાયનોસોર
નાની.. રમકડાં કે બુકમાં નહીં
મારે તો સાચાં જોવાં છે ડાયનોસોર.
સામે ઊભો? રહું ને એની આંખો જોઉં
એનાં અણીયાળા દાંતને જરા ગણી લઉં
મારે તો સાચાં જોવાં છે ડાયનોસોર.
રેપ્ટર કે ટ્રાયસેરોટોપ્સ,સ્ટેગો ને
બ્રેકીઓ ,બ્રોન્ટો ને ટાયરેનો
આ બધાં જ મારાં દોસ્ત છે
વળી ઊડી ય શકે ટેરોડોક્ટાઈલ
મારે તો સાચાં જોવાં છે ડાયનોસોર.
મૂવી અને ચિત્રમાં બહુ જોયાં
નવાઈ એ કે એનાં થાય ન બચ્ચાં
એનાં ઈંડાને તો મારે છે પંપાળવા
નાની...મારે તો બસ સાચાં જ જોવાં છે ડાયનોસોર.

માયા દેસાઈ,મુંબઈ ભારત.

------------------------------------

૧૭-બાળગીત
શીષેક :ચાદો સૂરજ
ચાંદા- સૂરજ
બા જોને આકાશે થયું અંધારું,
દીવાની જ્યોતિથી શું થાય અજવાળું?
ઓહ! આને જ કહે ને અમાસ!
સમજ્યો પૂર્ણ ચમકે ચાંદ તે પૂનમ!
બા જોને પેલા આકાશે ચમકે તારા,
ટીમ ટીમ કરી મને હસાવે ને રડાવે.
મિત્રો મારા ચાંદામામા થાય નાના,
પણ જેમ જેમ દિ જાય તેઓ થાય મોટા.
બા તેમની બાને નહિ થતી હોય નિરાશા?
તેની ચાંદનીની કેવી શીતળતા હર્ષાય!
બા જોને ચાંદાને તો કેવી એક દિલ્લની રજા,
બિચારા સૂરજદાદા ને રોજ જ કેવી સજા?
આ નભ કરે અન્યાય..
ચાંદા સૂરજની સાથ,હું જઈ કરું ન્યાય?
બા તું કહે આજ ચાંદાની બાને દુ:ખ ન થાય?
હું તારી સાથે કેવી કરું વાતને પામું સુખ!

જયશ્રી પટેલ
(બાળગીત વિરોધી શબ્દો સાથે)

------------------------------------

૧૮-બાળગીત
શીર્ષક: એ દિવાળી આવી રે....
એ દિવાળી આવી રે ,(૨)
ખુશીઓ સંગ લાવી રે.(૨)
ધમ ધમાધમ ધૂમધામથી ઉજવો ,
ધડામ ધડાકા ફટાકડા ફોડીએ રે,
ફેલાય પ્રકાશ ને આનંદ ખૂબ,
ઘર,ગામની સફાઈ કરીએ રે.
રંગબેરંગી રંગોળી આજ પૂરો,
દિવડા પ્રગટાવી હાર કરીએ રે.
આસોપાલવનાં તોરણ બંધાવીએ,
ચોતરફ ખુશીની છોળો ઉડાડીએ રે.
મીઠાઈઓ ખાશું ને ખવડાવશું,
દિલથી દિલ આજ મિલાવીએ રે.
નૂતન વર્ષે નવા સંકલ્પ લઈએ,
નવા વિચાર થકી નવાચાર કરીએ રે.

મનોજકુમાર પંચાલ 'મન' પાલનપુર

------------------------------------

૧૯-બાળગીત
શીર્ષક: વિનંતી.
મમ્મી, જવા દે ને રમવા.
પ્લીઝ, જવા દે ને રમવા.
આખો દિવસ લેસન લેસન,
સ્કૂલમાં પણ ભણ ભણ ને ઘેર પણ એ જ આપે મને કરવા.
મમ્મી, જવા દે ને રમવા.
વિજ્ઞાનના પ્રયોગો ને અઘરું અંગ્રેજી,
ગણિતનાં આટાપાટાની વાત નથી માંડી હજી.
હિન્દી ડરાવે મને ને ડ્રોઈંગ કરી દે પાગલ,
ઇતિહાસમાં હું અટવાઈ જાઉં ને ભૂગોળ કરી દે ઘાયલ.
બધાં વિષયોની ભરાઈ છે જોને સભા,
બધાં મળીને બેઠાં મારાં કાઢી નાખવા ગાભા.
શું ભૂલું આમાંથી ને શું રાખું યાદ?
બેગ ખોલું તો પુસ્તકો કરે મને સાદ.
પણ હવે નથી કરવું લેસન મારે,
જાવું ભાઈબંધો સાથે રમવા.
ઘર સામેનો ચોક જોને જુએ મારી વાટ,
આ અણોસરો ફૂટબોલ બોલતો,
તું ક્યારે આવી મારે મને લાત?
ખખડતી પેલાં ડબ્બામાં લખોટીઓ,
જો જાઉં કાઢવા તો મારે પપ્પા સોટીઓ.
ગિલ્લી- દંડા ને બીજાં સાધનો
જોને પડ્યાં ધૂળ ખાય.
ક્યારે થાય પૂરું લેસન
ને ક્યારે રમવા જવાય?
મમ્મી, હું તારો લાડકો 'દિકો
તું સાંભળને મારી વાત.
કાલે કરીશ વધારાનું લેસન
આજ રમવાની કરને વાત.
મમ્મી, જવા દે ને રમવા.
પ્લીઝ, જવા દે ને રમવા.

ભગવતી પંચમતીયા. 'રોશની'

------------------------------------

૨૦-બાળગીત
શીર્ષક:ચાલને ઘર ઘર રમીએ"
હું સાદ દઉં તું આવ
ચાલને ઘર ઘર રમીએ
બા, બાપુ ગયા મંદિર
મોટો ભાઈ રમે બોલબેટ
બહેન કરે છે ફોનમાં ચેટ
ચાલને ઘર ઘર રમીએ
ઓ ટીના ઓ મીના ઓ રીના
સાથે વેદા રીયાને લાવ
હાથ હલાવતાં આવ
ચાલને ઘર ઘર રમીએ
મન મનાવ્યું, દિલને સમજાવ્યું
એકલતા ઝટપટ દૂર થાય
સાથે પાટીને પેન લઈ આવ
ચાલને ઘર ઘર રમીએ
ચાલીનો ખૂણો છે ખાલી
ફ્રીજમાંથી પેંડા હું લાવી
સેવ મમરા લઈ તું આવ
ચાલને ઘર ઘર રમીએ
લેસન બધું કરી લીધું
દાખલા બધા ગણી લીધા
દફ્તરમાં ચોપડા ગોઠવી લીધા
ચાલને ઘર ઘર રમીએ
ઝાંઝરનાં છમ છમ સુણાય
મારું હૈયું ધક ધક થાય
ગરબા ગાવાનું મન થાય
ચાલને ઘર ઘર રમીએ
હું બનું મમ્મીને તું બને પપ્પા
રસોડામાં હું, કમાવા તું જા
મિત્રો સંગે મોજ મણાય
ચાલને ઘર ઘર રમીએ
ભૂલકાંઓથી ઘર ઉભરાય
યાદોંની શરણાઈ રેલાય
ભાવતા ભોજન રંધાય
ચાલને ઘર ઘર રમીએ
વેદા ,રિયા, આન્યા ,તાન્યા
રાહના જોવડાવતા
નાચતાં કૂદતા આવતા
ચાલને ઘર ઘર રમીએ

પ્રવિણા કડકિયા

------------------------------------

૨૧-બાળગીત
શીર્ષક: બાળગીત
હું તોફાની બાળ !
સુંદર મજાનાં બાળ અમે
કાલુ કાલુ અમે બોલીએ.
રમત રમતાં હસતાં હસતાં,
ખિલખિલાટ અમે સૌ કરીએ.
મમ્મી પપ્પાના ખોળામાં અમે,
ગોળ મટા ખાઈને કૂદી પડીએ.
પપ્પા મમ્મી મને ખૂબ વહાલા,
બન્ને ગાલે મીઠી પપ્પી કરતાં.
નિશાળ જવા અમે થનગનતા,
દફ્તર અમે ગળામાં ભેરવતા.
મોટા થઇને અમે ખૂબ ભણતા,
દાદા દાદી ને ખૂબ સાચવતા.
ટીચર સિસ્ટર ભાઈ બધાંને,
હેલો કહીને હાથ હલાવતા.
સવાર સાંજ વંદન કરી ને,
પપ્પા મમ્મીને વહાલ કરી સૂતા.

ડો અનિરુદ્ધ વ્યાસ,નડિયાદ

------------------------------------

૨૨-બાળગીત
શીર્ષક:- નાચવું છે!
નાચવું છે રે મારે નાચવું છે ,
પેલા મોરલિયા જેમ મારે નાચવું છે.
ગાવું છે રે મારે ગાવું છે ,
પેલી કોયલની જેમ મારે ગાવું છે.
કૂદવું છે રે મારે કુદવું છે ,
પેલા સસલાની જેમ મારે કુદવું છે.
તરવું છે રે મારે તરવું છે ,
પેલી માછલડી જેમ મારે તરવું છે.
ઊડવું છે રે મારે ઊડવું છે,
પેલા પંખીની જેમ મારે ઊડવું છે .
હસવું છે રે મારે હસવું છે
પેલા ફુલડાની જેમ મારે હસવું છે

મેહુલ ત્રિવેદી,ખેરાળી

------------------------------------

૨૩-બાળગીત (ઘડિયાળ)
વાગી ગયા બાર
તું તું મેં મેં કરતાં લડતાં,
નાના-મોટા ઘડિયાળનાં કાંટા.
નાનો કહે મોટાને, તારે કરવી કૂદાકૂદ ,
ઘડી ઘડી જગ્યા બદલતો,
વાંદરા જેવો ચંચળ તું!
મોટો કહે નાનાને, તું હાથીચાલે ચાલતો અટક્યો; ન ખસે જલ્દી
જાણે કરતો દાદાગીરી.
ત્યાં પડી બૂમ દાદાજીની
"ટપૂડા બોલ તો ક્યાં છે નાનો ને મોટો?"
ઝીણી નજરે દેખી, ભેદ ખોલતો ટપુડો-
"દાદા, બાથંબાથી કરતાં બંને
પહોંચ્યા છે નંબર બાર પર,
દાદાજી હસતા બોલ્યા, "વાગી ગયા છે બાર હવે"
વાત સાંભળી દાદાજીની, શરમાયો નાનો ને મોટો
રહીશું સંપીને એવાં, મળશે ન અમારો જોટો

વંદના વાણી, વ્યારા...

------------------------------------

૨૪
શીર્ષક :: બાળ કરે વાત
કેમ ફોસ્ટર હોમ બાળકો બદલતા રહે છે
ને મા-બાપ વ?ધ્ધાશ્રમે વધ્યા છે
સંત તો અરે હવે ઘરે આવે છે ને જંગલમાં
ગુરૂ કોઈ હવે ના વસ્યા છે !!
ગલૂડીયાંને બચોળિયાં ના ઘર બદલે છે,
મકાનમાં બંધ માનવી વધ્યા છે
વાર્તા ઓનલાઈન વંચાય ને
રામ સીતા મંદિર થી ટી.વીમાં વસ્યા છે !!
વાંચશો ત્યારે રામ રામ, બાકી
મુખે થી સાંભળ્યા કરીએ રાધે - શ્યામ
અટપટી ને અનુપમ વાતુ -જાતુ ને ભાતુ
જોઈ સૂતા રહે છે ઘનશ્યામ !!
ડ્રાઈવર લેસ કાર ને ઉડતી કારે,
સ્પેસશીપમાં જઈ આવવાનું પરગામ
ગુગલ કરો ને "વાઈટામીન આઈવી"
ચડાવો આજકી તાજાખબર શ્યામ !

રેખા શુક્લ

આભાર સૌ મારા મિત્રો અને સખીઓ




## એલઆરડી વિવાદ: અટકાયત યથાવત, મુખ્યમંત્રીએ કહ્યું- બીજી ભરતીમાં પ્રયત્ન કરો

ગાંધીનગર,તા.૨૫

રાજય સરકાર દ્વારા લેવાયેલી એલઆરડીની પરીક્ષામાં પુરુષ ઉમેદવારોની સંખ્યા વધારવા માટે સમગ્ર રાજયમાંથી એલઆરડી ઉમેદવારો ગાંધીનગર ખાતે વિધાનસભાની સામે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સમક્ષ વિરોધ કરવામાં આવ્યો હતો. સતત ૨૩ દિવસથી એલઆરડી પુરૂષ ઉમેદવારો વિરોધ કરી રહ્યા છે, ત્યારે આજે વિરોધ પ્રદર્શન કરવા માટે યુવાનો એકઠા થયા હતા. આ અંગે પોલીસને જાણ થતાં આ ઉમેદવારોની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે વિરોધ કરી રહેલા ઉમેદવારોની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. જોકે તેમણે આરોપ લગાવ્યો હતો કે પોલીસ તેમની સાથે ગેરવર્તૂણૂક કરી રહી છે. આજે બપોરે ૨ વાગે ઉમેદવારો વિરોધ પ્રદર્શન માટે એકઠા થવાના હતા, પરંતુ તેમનો રણનીતિમાં ફેરફાર કરી સમય કરતાં વહેલા ૧ વાગ્યાની આસપાસ દેખાવો શરૂ કરી દીધો હતો. પોલીસ દ્રારા અટકાયત કરવામાં આવે તે પહેલાં જ એક ઉમેદવાર રડી પડ્યો હતો. એલઆરડી પરીક્ષા વિવાદ સતત વિવાદિત થઇ રહ્યો છે. ગુજરાત સરકાર માટે આ પરીક્ષા માથાના દુખાવા સમાન રહી છે. મહિલા ઉમેદવારો દ્વારા ભારે આંદોલન બાદ સરકાર દ્વારા આખરે મહિલાઓને નિમણુંક આપવાનો નિર્ણય લેવાયો હતો. જો કે ત્યાર બાદ પુરૂષ ઉમેદવારો મેદાને આવ્યા હતા. જે આંદોલન હજી સુધી ચાલી રહ્યું છે.

## દાહોદમાં રાજ્યપાલ-મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં કરાશે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

દાહોદ,તા.૨૫

રાજયકક્ષાનાં ૭૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણી દાહોદના નવજીવન આટ્‌ર્સ એન્ડ સાયન્સ કોલેજના મેદાનમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા પ્રમાણે માત્ર આમંત્રિતોની ઉપસ્થિતિમાં જ આ ઉજવણી કરવાનું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાને અનુરૂપ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમની ઉજવણી કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખીને કાર્યક્રમમાં પ્રત્યક્ષ ઉપસ્થિતિની સંખ્યા પર નિયંત્રણ રાખીને કરવામાં આવે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર વિજય ખરાડીનાં કહેવા મુજબ, તા.૨૬ના રોજ આમંત્રિતોને સવારના ૮.૩૦ વાગ્યા પહેલા કાર્યક્રમ સ્થળે પ્રવેશ મેળવી લેવાનો રહેશે. માત્ર આમંત્રિતોને કાર્યક્રમના સ્થળે પ્રવેશ આપવામાં આવશે. ઉક્ત બાબતે કલેક્ટર વિજય ખરાડી અને એસપી હિતેશ જોયસરે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાને અનુરૂપ સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે અને બેઠક વ્યવસ્થા પણ તેને અનુરૂપ ગોઠવવામાં આવી છે. ઉપસ્થિતોની સંખ્યા પણ બહુ જ મર્યાદિત રખાઈ છે. પ્રવેશ માટે બે દ્વારમાંથી માત્ર આમંત્રણ પત્રિકા ધરાવતા લોકોને જ પ્રવેશ આપવામાં આવશે અને આ બાબતનું ચોક્કસાઈથી પોલીસ દ્વારા પાલન કરાવવામાં આવશે. પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે કોલેજ ગ્રાઉન્ડ પર આવનાર આમંત્રિતો માટે કલર કોડ પ્રમાણે પ્રવેશ દ્વાર રાખવામાં આવ્યા છે

અને એ જ પ્રમાણે વાહન પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં રેડ કલર માટે રેલ્વેના મેદાનમાં, ગોલ્ડન અને સિલ્વર કલર માટે પોલીટેકનિક કોલેજ તથા ઈજનેરી કોલેજના મેદાનમાં વાહન પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોરોના અંગે આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકામાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આમંત્રિતો પણ પ્રવેશ વખતે સામાજિક અંતરનું પાલન કરે એ જરૂરી છે સાથે જ માસ્ક પહેરવું પણ ફરજિયાત છે. પાણી પીવા સમયે અથવા અન્ય કોઇ પ્રસંગે પણ કાર્યક્રમના સ્થળે સામાજિક અંતરનું પાલન કરવાનું રહેશે. ઉપરાંત સેનિટાઈઝરના ઉપયોગથી વારંવાર હાથ સાફ કરતા રહેવું પડશે.

CYMK